**સુવિચાર**

સવારમાં મોડા ઉઠીને ઉત્સાહપ્રેરક સમય ન બગાડો, આજનું કામ આજે જ કરો, જાગ્યા ત્યારથી સવાર. જે વહેલા સુવે તે વહેલા જાગે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૯/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૩૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
કીડની • પ્રોસ્ટેટ • પથરી
Prostate Cancer
**નવજીવન** જનરલ હોસ્પિટલ
ડો. જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૨૦-૦૯-૨૦૨૪, શુક્રવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩, મો. ૯૯૭૮૨ ૯૩૦૦૦

## સ્વચ્છતા અભિયાનનાં નામે ઠેકઠેકાણે ફોટોસેશન શરૂ થયા

# બગસરા એસ.ટી. ડેપોમાં એક તરફ સ્વચ્છતાનાં સપથ અને બીજી બાજુ ગંદકી

**પદાધિકારીઓ અને અધિકારીઓ એકાદ કલાક માટે સ્વચ્છતા કાર્ય કરે અને બાદમાં જૈસે થે**

**પદાધિકારીઓ અને અધિકારીઓ જનતાને ગેરમાર્ગે દોરવાનો ઉત્તમ પ્રયાસ કરતાં જોવા મળે છે**

**જો કે જનતા જનાર્દને પણ સ્વચ્છતાને લઈને થોડી દેશભાવના દેખાડવી જરૂરી**

**પાલિકા અને પંચાયતોનાં શાસકોએ રાઉન્ડ ધ કલોક સફાઈ કાર્ય કરાવવું જરૂરી છે**





તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૮

આજકાલમાં ચાલી રહેલાસ્વચ્છતાઅભિયાનનાકાર્યક્રમમાં અનેક જગ્યાએ સ્વચ્છતાના અભિયાન હાથ ધરવામાં આવે છે. ત્યારે બગસરા ડેપો દ્વારા સ્વચ્છતા અભિયાનની કામગીરી કરી ફકત ફોટા પડાવી કચરો જયાં ત્યાં નાખવો નહીં તેવા શપથ લઈને અધિકારીઓ તેમજ પદાધિકારીઓ પોતાની પ્રશંસા કરીને સ્વચ્છતાના નામે ઠેર ઠેર ગંદકીના ગંજ તેમજ જયાં ત્યાં નાખવામાં આવતો કચરો તેમજ યુરીનલની અંદર માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી પરેશાન થયેલા મુસાફરોની જાણે કોઈને કાંઈ પડી જ ન હોય તેવી રીતે અધિકારીઓ તેમજ પદાધિકારીઓ ફોટા પડાવીને પોતે કરેલી કામગીરી બતાવીને સ્વચ્છતા કરી મસમોટું કામ ઉકેલ્યું હોય તેવું લાગી રહ્યું છે. જયારે પહેલેથી જ તાલુકા લેવલનો સૌથી મોટો ડેપો વિવાદમાં સપડાયેલો છે. ત્યારે સ્વચ્છતા અભિયાનના નામે ડેપોની હદમાં આવેલ ગ્રાઉન્ડની અંદર કચરાના ગંજ જોવા મળી રહ્યા હતા. ત્યારે પેસેન્જરો દ્વારા તેમજ અહીંથી પસાર થયેલા તમામ લોકોમાં ચર્ચા થયેલી હતી કે આ લોકો ફકત ફોટા પડાવીને સફાઈ અભિયાન હાથ ધરી રહ્યા છે. એસ.ટી. વિભાગના ડીટીઓની હાજરીમાં શપથ લેવામાં આવ્યા હતા. આ તો પબ્લિકને ઊંધા ચશ્મા પહેરાવાની વાત છે. ત્યારે હકીકતમાં આ ડેપોની સફાઈ કરવામાં આવે તો સારૂં કહેવાય પરંતુ આ અધિકારીઓને તો ફકત પોતાની પ્રશંસા કરવામાં જ મોટપ અનુભવે છે. ત્યારે અહીંના ડેપોમાં ગંદકીના ગંજ તેમજ ગાય, કુતરાના ત્રાસથી ખદબદતો અને સફાઈથી વંચિત એસ.ટી. ડેપોમાં વાસ્તવમાં કયારે સફાઈ કરવામાં આવશે તે જોવાનું રહ્યું.

### લગ્ન સમયનાં પાંચેક મહિનામાં માથાકૂટ

## બાબરાનાં કર્ણુકી ગામે રહેતી પરિણીતાએ સાસરીયાઓનાં ત્રાસથી આત્મહત્યા કરી લીધી

**સ્થાનિક પોલીસે મૃતક પરિણીતાનાં પિતાની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૮

ચોટીલા તાલુકાના ઢોકળવા ગામે રહેતા છનાભાઈ વિરાભાઈ ઝાપડીયાની દિકરી દયાબેનના લગ્ન આજથી પાંચ મહિના પહેલા બાબરા તાલુકાના કર્ણુકી ગામે રહેતા આરોપી વિજયભાઈ વલ્લભભાઈ રોજાસરા સાથે થયેલ હોય અને લગ્ન બાદ દયાબેન તેમના પતિ તથા સાસુ-સસરા સાથે કર્ણુકી ગામે સંયુકત કુટુંબમાં રહેતા હોય અને શરૂઆતના બે મહિના દયાબેનને સારી રીતે રાખેલ હતાં. બાદ છેલ્લા ત્રણેક મહિનાથી તેણીને આરોપી પતિ તથા સાસુ મંજુબેન વલ્લભભાઈ રોજાસરાએ ઘરકામ તથા ખેતીકામ બાબતે અવાર નવાર મેણાટોણા મારી તેમજ ઢીકાપાટુ વડે માર મારી, શારીરિક-માનસીક દુઃખ ત્રાસ આપી, મરવા માટે મજબુર કરતા તેણીએ તા. ૧૩ ના આશરે બપોરના ૧ વાગ્યાના અરસામાં તેણીના રહેણાંક ઘરની રૂમમાં છતના લાકડા સાથે ચુંદડીથી ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે. આ અંગે મરણ જનાર દયાબેનના પિતાએ આરોપી વિજયભાઈ વલ્લભભાઈ રોજાસરા તથા સાસુ મંજુબેન વલ્લભભાઈ રોજાસરા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી એડવોકેટની દલીલો સફળ

## અમરેલીનાં તરૂણ સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરનાર આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને 31 હજારનો દંડ

**ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા પણ આદેશ**

અમરેલી, તા. ૧૮

અમરેલીમાં અઢી વર્ષ પહેલા એક ૧૧ વર્ષના તરૂણ સાથે આરોપીએ અકુદરતી વાસનાનો ભોગ બનાવવા સારૂ તરૂણનું અપહરણ કરી પોતાના મકાનમાં લઈ જઈ આરોપીએ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરેલ હતું. આ બનાવ અંગે ભોગ બનનાર તરૂણની માતાએ આરોપીને ઠપકો આપતા તેણીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગેનો કેસ અત્રેની સ્પ. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલોને કોર્ટે માન્ય રાખી આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને રૂપિયા ૩૧ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા પણ આદેશ કર્યો હતો.

આ બનાવમાં અમરેલીમાં
**અનુસંધાન પાના ૬ ઉપર**

**દુઃખદ અવસાન/બેસણું**



સ્વ. જયેશભાઈ દલપતભાઈ
બોરીસાગર (ઉ.વ.૩૪) ખાનખીજડીયા નિવાસી હાલ રાજકોટ સ્વ.તા.૧૬/૦૯/૨૦૨૪, ભાદરવા સુદ તેરસ, સોમવાર
બેસણું : તા.૧૯/૦૯/૨૦૨૪, ગુરૂવાર
સમય : સવારે ૮ થી ૧૨
મુ.ખજુરી પીપળીયા નિવાસ સ્થાને
સમય : સવારે ૩ થી ૬
મુ.મોટી કુંકાવાવ, મોટી પ્લોટ, ...
મનુભાઈ પોપટભાઈ વેગડા (ખજુરી પીપળીયા) ના જમાઈ તથા ભાર્ગવ અને સંદીપભાઈના બનેવી
મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવંત રહે છે, મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે
પરમકૃપાળુ ભોળાનાથ તેમનાં દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના...
લી. મનુભાઈ પોપટભાઈ વેગડા મો.૮૭૯૯૪ ૦૮૫૯૩
સંદિપભાઈ, મો.૯૯૭૯૩ ૧૧૦૦૫
ભાર્ગવભાઈ, મો. ૯૯૯૮૮ ૮૬૯૯૬

Krishna DINING HALL




ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી • પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
• વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
• જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324



# ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ-બગસરા દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



અમરેલી તાલુકાના નાના એવાવરૂડી (અમરાપુર) મુકામે વિશાળ વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો હતો. આ સમારંભના અધ્યક્ષ પ્રોફેસર–ડોકટર યોગેશભાઈ જોગસણ જેઓ એચ.ઓ.ડી . સાયકોલોજી– સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટથી ખાસ પધારેલ હતા. તેઓએ બાળકોને નીડર, સાહસિક અને આજ્ઞાકારી બને તેવા ગુણ સિંચવા માટે માતાઓને વિનંતી કરી હતી. બાળકોને મોબાઈલની માયાજાળમાંથી બહાર કાઢવા હાંકલ કરી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘાટક જનેશભાઈ બઢિયા ગાંધી આશ્રમ અમદાવાદથી ખાસ હાજર રહ્યા હતા. આશીર્વચન ધર્મેન્દ્રભાઈ હેજમ– સરપંચ ઉમરાળા (જૈન આધ્યાત્મિક કેન્દ્ર– ઉમરાળા) થી પધારીને તેઓએ સમાજને સંદેશ આપ્યો કે તમે ગમે તે પથ, ધર્મ કે સંપ્રદાયમાં માનતા હો પરંતુ તમારો લક્ષ એ તમારો કચડાયેલ સમાજ જ હોવો જોઈએ. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે, દીકરીઓ વધુને વધુ ભણે એ માટે રૂપિયાના વાંકે કોઈ શિક્ષણથી વંચિત ન રહી જાય તેની આપણે સૌ કાળજી લેશું. કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થી, સમાજમાં નવયુકત નિમણૂંક પામેલા કર્મચારીનું અભિવાદન કરેલ હતું. નિવૃત્ત કર્મચારીનું પણ સન્માન કરેલ હતું. ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિના ડિગ્રી પ્રાપ્ત કરેલ ડોકટર, ઈજનેર જેવી ઊંચ ડીગ્રી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરેલ હતું. રમતગમત ક્ષેત્રે અને એઈમ્સ પાસ કરેલ વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરેલ હતા. આ કાર્યક્રમના ભોજન અને વ્યવસ્થાપનના દાતા શાંતિભાઈ એમ. રાણવા–નિવૃત્ત રેન્જ ફોરેસ્ટર અને માજી સરપંચ વરૂડી અને નારણભાઈ પાતળીયા સંચાલક જય હિન્દ ખાદી ભંડાર–પાલનપુર હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે વરૂડીના ભીખાભાઈ રાણવા, જગદીશભાઈ પાતળીયા, સવજીભાઈ સોલંકી, હિતેશભાઈ ખાંભુ અને યુવામિત્રોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટી અમુભાઈ બોરીચા, બાબુભાઈ બાજક, વિશાલભાઈ મણવર, કિરણભાઈ સાંખલા, અશોકભાઈ એપા, જયંતીભાઈ બોરીચા, કુલદીપભાઈ પરમાર, સન્મુખભાઈ પઢીયાર વગેરેએ સારી એવી જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન કવિ સ્નેહી પરમાર અને હિંમતભાઈ બોરીચાએ કર્યુ હતું. આભાર વિધિ બાવજીભાઈ બી. રાણવાએ કરેલ હતી. એમ ટ્રસ્ટના પ્રમુખ પ્રવીણભાઈ સેજુની યાદી જણાવે છે.

### ઉપપ્રમુખ તરીકે રાજેશભાઈ પંડયાને જવાબદારી

## અમરેલી : શ્રી ચતુર્વેદી મચ્છુ કાઠીયા મોડ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળનાં હોદ્દેદારોની વરણી

### મહામંડળનાં સંગઠન મંત્રી તરીકે રમેશભાઈ પંડયાની વરણી

અમરેલી, તા. ૧૮

શ્રી ચતુર્વેદી મચ્છુ કાઠીયા મોડ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળના પ્રમુખ રાજેશભાઈ પંડયાની મહામંડળમાં ઉપપ્રમુખ તરીકે તેમજ જ્ઞાતિ મંડળના ઉપપ્રમુખ રમેશભાઈ જે. પંડયાની મહામંડળમાં સંગઠન મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી.





### દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં જન્મદિવસની વડનગર ખાતે ઉત્સાહભેર ઉજવણી

### લોકડાયરો સહિતનાં કાર્યક્રમો યોજાયા



અમરેલી, તા. ૧૮

પ્રધાનમંત્રી મોદીના જન્મ દિવસને વતન વડનગર ખાતે હાટકેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સંગીતની સંગતમાં ઉજવવામાં આવ્યો.

ગુજરાત રાજય પ્રવાસન નિગમ, યુવા સાંસ્કૃતિક વિભાગ (નાટય અકાદમી), જીલ્લા વહિવટી તંત્ર, અને વડનગર વિકાસ સમીતીના સહયોગથી ઉજવાયેલ કાર્યક્રમમાં ભજન સમ્રાટ/ગઝલ અનુપ જલોટા, સાહિત્ય અને હાસ્યકાર માયાભાઈ આહિર, સુરસામ્રાગ્નિ અલ્પાબેન પટેલ સહિત નામાંકિત કલાકારો દ્વારા જન્મદિવસની રઢીયાળી રાતને સુરથી રળયામણી કરી હતી. કાર્યક્રમનું સંચાલન બટુકભાઈ ઠાકોર દ્વારા કરવામાં આવેલ હતું.

કાર્યક્રમમાં સામાજીક અગ્રણી સોમાભાઈ મોદી, ગુજકોમાસોલ ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, શ્રીમતી ગીતાબેન સંઘાણી, મહેસાણાના કલેકટર એમ નાગરાજન, પ્રદેશ ભાજપ ડીબેટ પ્રવકતા શૈલેષ પરમાર, જીલ્લા બેંકના ડીરેકટર બાબુભાઈ સખવાળા, ઉપસ્થિત રહ્યા હતાં. આ તકે લોકસમુહે યશસ્વી પ્રધાનમંત્રીના લોક ભાવભર્યુ નિરંતન સ્વાસ્થ્ય જળવાઈ રહે અને દેશ અને વિશ્વ બંધુત્વ ભાવનાની જયોતથી વિશ્વને પ્રકાશીત કરે તેવી મહાદેવના ચરણોમાં શુભ પ્રાર્થના કરી હતી. તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### કોમર્શિયલ હેતુ માટે વગર મંજુરીએ બાંધકામ ઉભુ કરી દેતા

## બાબરાનાં ઉમિયાનગરમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ હટાવવા પાલિકા દ્વારા પુનઃ નોટિસ પાઠવાઈ

### ચીફ ઓફિસર નોટિસ ઉપર નોટિસ પાઠવશે કે કાર્યવાહી કરશે તે જોવુ રહ્યું

બાબરા, તા. ૧૮

બાબરાનાં ઉમિયાનગરમાં ભાવેશભાઈ દલસાણીયા નામનાં બિલ્ડરે મંજુરી વગર કોમર્શિયલ બાંધકામ કરતાં પાલિકાનાં ચીફ ઓફીસરે આજે પુનઃ નોટિસ પાઠવી દબાણ હટાવવા સુચના આપી છે.

નોટિસમાં જણાવેલ છે કે, બાબરા શહેરમાં વોર્ડ નં–૫ માં આવેલ ઉમીયાનગર વિસ્તારમાં આપના દ્વારા કોમ્પ્લેક્ષ બનાવવાનું કામ શરૂ કરેલ છે પરંતુ તે જામીન બીનખેતી થયેલ હોય જે રહેણાક હેતુ માટે બીનખેતી થયેલ હોય અને આપના દ્વારા રહેણાક હેતુ માટે થયેલ બીનખેતીની જમીન પર કોમર્શીયલ બાંધકામ કરવામાં આવેલ હોય જેથી નોટીસ આપી બાંધકામ બંધ કરવા જણાવેલ પરંતુ આપના દ્વારા અત્રેની કચેરીએ ઈન્વર્ડ નં. ૨૨૨૧/૨૦૨૪ તા. ૧૭/૦૮/૨૦૨૪ ના રોજ રજુ કરેલ સીજીડીસીઆરના ક્લોઝ આપના દ્વારા રજુ કરેલ છે જે ક્લોઝ ગામતળ માટે લાગુ પડે છે પરંતુ આપની માલિકીની જમીન જુના ગામતળમાં આવેલ ન હોય તેથી સદરહુ ક્લોઝ લાગુ પડતો નથી જેથી આપને નોટીસ આપી જણાવવામાં આવે છે આપના દ્વારા શઢ કરેલ બાંધકામ તાત્કાલીક ધોરણે બંધ કરવા સુચના આપવામાં આવે છે અને સદરહુ બિનખેતી હુકમમાં દર્શાવેલ છોડવાની ખુલ્લી જગ્યામાં અને જી.ડી.સી.આર.ના નિયમોને વિરૂધ્ધ કરેલ બાંધકામ ના ભાગને દુર કરવાની કાર્યવાહી આપના ખર્ચે અને જોખમે દિન – ૩ માં કરવા માટે તાકીદ કરવામાં આવે છે આપને આપેલ નોટીસ–૧ માં બાંધકામ બંધ કરવાનું અને દુર કરવાનું જણાવેલ પરંતુ કામ હજુ ચાલુ છે જો કામ બંધ કરવામાં નહી આવે તો અત્રેની કચેરી દ્વારા નગર પાલિકા અધિનિયમ ૧૯૬૩ અંતર્ગત આપના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે તેમ અંતમાં જણાવેલ છે.

## સાવરકુંડલા : મેરીયાણા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા તેમજ મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારી તેમજ પ્રાંત અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. ધારાસભ્યની સૂચના અનુસાર તમામ અરજીઓની ભારપૂર્વક ચકાસણી સાથે નિકાલ કરવામાં આવેલ.

સ્થળ પર જ તમામ લાભાર્થીઓને ચકાસણી કરી સ્થળ પણર જ નિકાલ કરવામાં આવી હતી જેમાં આ તકે ઉપસ્થિત દીપકભાઈ માલાણી, શરદભાઈ ગોદાની, હરેશભાઈ ભુવા, જયસુખભાઈ સાવલિયા, લાલભાઈ મોર, ચેતનભાઈ માલાણી અને આ સેવા સેતુ કાર્યક્રમને સફળ બનાવવા સરપંચ એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી એ જહેમત ઉઠાવી હતી તેમ સમીર ખોખરે જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલીનાં ગજેરા કેમ્પસમાં નાયબ દંડક સ્પોર્ટસનાં કોચ–ટ્રેનરની મુલાકાતે

અમરેલી, તા. ૧૮

અમરેલી તારીખ ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪, જીલ્લા કક્ષા સપોર્ટસ સ્કુલ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે કાર્યરત હોય ત્યારે નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહી મેડલ પ્રાપ્ત કરેલ ખેલાડીઓને પ્રોત્સાહન આપી અને જે સ્પોર્ટસ કોચ ટ્રેનરો યોગા, ફિજીયો વગેરે ડી.એલ.એસ.એસ. યોજના અંતર્ગત કામગીરી કરે છે અને સ્થાનિક જે સ્ટાફ સ્પોર્ટસમાં વિદ્યાર્થીઓને આગળ વધારવા માટે મહેનત કરે છે તેમને બિરદાવ્યા અને સન્માન કર્યુ. તેમજ આ સ્ટાફ સાથે શુભેચ્છા મુલાકાતનું અમરેલી જીલ્લાનું ખેલાડીઓએ ગૌરવ વધાર્યુ છે ત્યારે સૌ સ્ટાફને પણ અભિનંદન આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આગળની સ્પર્ધામાં ખેલાડીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે માટે સૌ સ્ટાફ સાથે મળી પ્રયત્ન કરે તેવી આશા વ્યકત કરેલ હતી અને સંસ્થામાં જે વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ પૂરૂં



પાડવામાં આવે છે. તેનાથી તે ખુબ સારૂં અમરેલી જીલ્લાનું રમતગમત ક્ષેત્રે નામ થાય. જે તે વિદ્યાર્થીઓ ખૂબ આગળ વધે છે અને સંસ્થાના પ્રમુખ દીર્ઘ દ્રષ્ટા એવા વસંતભાઈ ગજેરા શ્રેષ્ઠ શિક્ષણ અને અત્યાધુનિક ટેકનોલોજી સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે જયારે સમાજમાં અને વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડતા હોય છે ત્યારે સંસ્થા તેમને આ પ્લેટફોર્મ આપીને વિદ્યાર્થીઓને આગળ વધારવા માટે હંમેશ પ્રયત્નશીલ છે.

# બાબરા ખાતે ભાજપનાં આગેવાનો દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં શહેર ભાજપ અને નગર પાલિકાના સયુંકત ઉપક્રમે જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાના નેતૃત્વમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શહેરમાં આવેલ એસ. ટી. ડેપોની સફાઈ કરવામાં આવતા મુસાફર વર્ગમાં રાહત સાથે આનંદની લાગણી જોવા મળી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ પર એક સપ્તાહ સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ વિવિધ સેવા અને સ્વચ્છતા ભાજપ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં બાબરામાં શહેર ભાજપ દ્વારા બસ સ્ટેન્ડની સફાઈ કરવામાં આવી હતી. જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયાના નેતૃત્વમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા સહિત સ્થાનિક સંગઠન અગ્રણીઓ, નગરપાલિકા સભ્યો દ્વારા આખા એસ.ટી. ડેપોની તમામ પ્લેટફોર્મ અને અંદર બેઠક વ્યવસ્થા અને યુરિનલ, વોશબેશન સહિતના વિભાગમાં સફાઈ અભિયાન હાથ ધરી ડેપોને આભલા જેવું બનાવતા મુસાફરોમાં રાહતની લાગણી પ્રસરી ગઈ હતી. બાબરા એસ.ટી. ડેપો બન્યો ત્યારબાદ એક દાયકા બાદ આટલી સફાઈ કરવામાં આવી હોવાનું મુસાફરોમાંથી જાણવા મળ્યું હતું. બસ સ્ટેન્ડમાં કાયમી ગંદકી હોવાની ફરિયાદ ઉઠતી હતી ડેપોની અંદર એટલી હદે ગંદકી હતી કે મુસાફરો વર્ગ અંદર બેસી કે બહાર ઉભા પણ રહી શકતા ન હતા. એસ.ટી.ના સત્તાધીશો સફાઈને લઈ ભારે ઉદાસીનતા દાખવતા હતા ત્યારે ભાજપના અગ્રણીઓ દ્વારા સફાઈ કરવામાં આવતા મુસાફરોએ જણાવ્યું હતુ કે વરસમાં એકવાર ભાજપના અગ્રણીઓ સ્વચ્છતા અભિયાન હાથ ધરે છે પણ શહેરમાં આવેલ જાહેર જગ્યા, બગીચામાં, બસ ડેપો, સરકારી કચેરી, સિવિલ હોસ્પિટલમાં પણ સફાઈનું નિયમિત નિરીક્ષણ ભાજપના અગ્રણી દ્વારા કરવામાં આવે તો સ્વચ્છતા કાયમ માટે જળવાઈ રહે અને આ રીતે સફાઈ ઝુંબેશ હાથ ના ધરવી પડે. હાલ તો સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ બાબરા એસ. ટી. ડેપો સુંદર મજાનું થયું પણ તેની કાયમી સફાઈ જળવાઈ રહે તેની તકેદારી એસ. ટી.ના સત્તાધીશોની છે કારણ કે જયાં ત્યાં ગંદકી ના થાય, મુસાફરો પણ કચરો કચરા પેટીમાં નાખે તે જરૂરી છે.

## પાલિકાનાં શાસકો પાસે બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવાની કોઈ યોજના જ નથી

# અમરેલીમાં મુખ્યમંત્રી પધારે તો પણ બંધ સ્ટ્રીટલાઈટ શરૂ ન થાય

**કદાચ પ્રધાનમંત્રી પણ રાત્રિનાં સમયે શહેરમાં ચક્કર લગાવે તો પણ બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થવી મુશ્કેલ**

**પાલિકાની રોશની અને બાંધકામ શાખાની વચ્ચે બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવા માટે જવાબદારીની ફેંકાફેંકી**

**શહેરમાં છેલ્લા ૬ મહિનાથી અંદાજિત ૧ હજાર જેટલી સ્ટ્રીટલાઈટ બંધ છે જે શરૂ થતી નથી**

**હમીરસિંહ સર્કલથી કેરિયા રોડ સર્કલ સુધી જેટકોની બેદરકારીથી લાઈટો બંધ**

અમરેલી, તા. ૧૮

અમરેલી પાલિકાની રોશની શાખા અને બાંધકામ શાખા વચ્ચે સંકલનનો અભાવ હોય અને પદાધિકારીઓ આક્રમક રીતે જરૂરી આદેશ કરતા ન હોવાથી શહેરમાં એકાદ હજાર જેટલી સ્ટ્રીટલાઈટ છેલ્લા ઘણા મહિનાઓથી બંધ જોવા મળી રહી છે. રાજયનાં મુખ્યમંત્રીનું ગણતરીની કલાકોમાં આગમન થતું હોવા છતાં બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવામાં આવતી નથી.

શહેરનાં તમામ રાજમાર્ગો ચિતલ રોડ, વરસડા રોડ, ધારી રોડ, સાવરકુંડલા રોડ વિગેરે વિસ્તારો ઉપર, હમીરસિંહ સર્કલથી સાવરકુંડલા ચોકડી સુધીની મોટાભાગની સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળે છે. હમીરસિંહ સર્કલથી કેરિયા રોડ સર્કલ સુધીની બંધ લાઈટ માટે જેટકો વિભાગનું ખોદકામ જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે.

તદુઉપરાંત શહેરની જાહેર બજારો, રહેણાંક વિસ્તારમાં પણ અનેક સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળે છે. મુખ્યમંત્રીનાં આગમનને લઈને બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થતી ન હોય હવે પ્રધાનમંત્રીનું આગમન થાય અને તેઓ રાત્રિનાં સમયે ચકકર લગાવે તો કદાચ બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થાય તેવું લાગી રહ્યું છે.

## પીજીવીસીએલ વિભાગને અણધારી દોડધામ કરવી પડી

# બગસરાના ભુતનાથ ફીડરમાં બિલાડીને શોર્ટ લાગતા અંધારપટ છવાઈ ગયો

**પીજીવીસીએલે ગણતરીની મિનિટોમાં વીજ પુરવઠો પુર્વવત કર્યો**

બગસરા, તા. ૧૮

બગસરામાં સાંજના સમયે અચાનક ભૂતનાથ ફીડરમાં નદીપરા વિસ્તારમાં અચાનક એક બિલાડી સબસ્ટેશન પાસેથી પસાર થવા ગઈ અને ધડાકો થયો લોકો દ્વારા પીજીવીસીએલ ની જાણ કરાતા પીજીવીસીએલ દ્વારા તાત્કાલિક ધોરણે જે જગ્યાએ નદીપરામાં ધડાકો થયો હતો ત્યાં પહોંચીને તાત્કાલિક ધોરણે લાઈટ ચાલુ કરવા માટેના પ્રયત્નો કર્યા હતા પરંતુ ત્યાં જોતા ત્યાં તે જગ્યાએ બિલાડી ગઈ હશે ત્યારે સબ સ્ટેશનમાં ધડાકો થયો હતો ત્યાં બિલાડી ચોટી ગઈ હતી તેને કાઢીને ફરી પીજીવીસીએલ ની ટુકડી એ લાઈટ ચાલુ કરવામાં આવી હતી.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## ધારી : તા. ૧૯મીએ આઈ.ટી.આઈ ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧૮

૧૯ સપ્ટેમ્બર,૨૦૨૪ને ગુઢવારના રોજ સવારે ૧૦વાગ્યે ધારી આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે. માઢતિ સુઝુકી મોટર્સ હાસલપુર બેચરાજી પ્લાન્ટ માટે INNOV કંપની દ્વારા રોજગાર ભરતીમેળામાં ૧૮ થી ૨૪ વર્ષ સુધીના ઈલેકિટ્ર્શિયન, વાયરમેન, મશિનિસ્ટ, ફિડર, વેલ્ડર, ટેકટર મિકેનિક, મોટર મિકેનિક, ડિઝલ મિકેનિક ટ્રેડના પાસ આઉટ તાલીમાર્થી ભાગ લઈ શકશે. કંપની દ્વારા એફ.ટી.સી. અને એપ્રેન્ટીસ તરીકે પગાર ચૂકવવામાં આવશે. વયમર્યાદા ઉપરાંત ટ્રેડ લાયકાત ધરાવતા અમરેલી જિલ્લાના ઉમેદવારોએ આઈ.ટી.આઈ. ધારીમાંથી ઉપરોકત કોઈપણ ટ્રેડમાંથી તાલીમ લઈ પરીક્ષા આપી હોય તે ઉમેવારો પણ રોજગાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે, તેમ ધારી આઈ.ટી.આઈ.ના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## ખાંભા : તા. ૨૫ સપ્ટેમ્બરે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૧૮

તા.૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે ખાંભા મામલતદાર કચેરી ખાતે ખાંભા તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. અમરેલી જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તેવા સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવા. તા.૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે ૦૩ કલાકે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મળી જાય તે રીતે મોકલવા. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ ખાંભા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

## ભાઈઓ વચ્ચેની બેઠક સફળ ન થઈ

# સાવરકુંડલામાં જમીનની વહેંચણીનાં પ્રશ્ને કુટુંબીઓ વચ્ચે બઘડાટી બોલી

**પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા ગામે આવેલ મોટાકોળીવાડના નાકે રહેતા આસ્મિનબેન બાસીતભાઈ ચૌહાણ નામની મહિલાના સસરાને ત્રણ ભાઈઓ હોય અને ત્રણેય ભાઈઓની સંયુકત જમીનમાં પ્લોટ પાડેલ હોય. તેની ભાઈ ભાગની સરખી વહેંચણી કરી આપેલ ન હોય અને મહિલાના કાકાજી સસરા સાથે અગાઉ બેઠક કરેલ તેમ છતાં આ વહેંચણી કરેલ ન હોય. જેનુ મનદુઃખ રાખી તા. ૧૬ના રોજ રાત્રે ૮ વાગ્યાના સમય દરમ્યાન સાવરકુંડલા ગામે લુહારવાડી પાસે તે જ ગામે રહેતા આરોપી સમીરભાઈ રજાકભાઈ ચૌહાણ તથા નયુમભાઈ રજાકભાઈ ચૌહાણે મહિલા તથા તેણીના પતિને ગાળો આપી આરોપીએ છરી વડે તેણીના પતિને છાતીના નીચેના પેટના ભાગે છરી મારી ગંભીર ઈજા કરી તથા મહિલાને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી પતિ–પત્નિને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં સમીરભાઈ રજાકભાઈ ચૌહાણે પણ સામાવાળા બાસીતભાઈ બાબુભાઈ ચૌહાણ સામે પોતાના બાપુજીને એ ત્રણ ભાઈઓ હોય જેના ત્રણેય ભાઈઓની સંયુકત જમીન આવેલ હોય તેમાં પ્લોટ પાડેલ હોય તેની સરખી ભાઈ ભાગની વહેંચણી કરી આપેલ હોય. તેમ છતાં આરોપી બાસીતભાઈ પાસે પ્લોટની માંગણી કરતો હોય. તેનું મનદુઃખ રાખી આરોપીએ સમીરભાઈને તથા તેમના ભાઈને ગાળો આપી માથામાં છરી મારતા મારી ગંભીર ઈજા કર્યાની સામી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.





**બાબરામાં મકાન વેચવાનું છે**

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

















# દેવભૂમિ દેવળીયા ખાતે પશુ જાતિય આરોગ્ય કેમ્પ યોજાયો






મંગળવારે ધાર્મિક પશુ સુધારણા યોજના, અમરેલી ઉપકેન્દ્ર ચકકરગઢ દ્વારા દેવભુમી દેવળીયા ખાતે પશુ જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં દેવભુમી દેવળીયા ગામના ૧૪ જેટલા પશુપાલકો જેમાં દેવભુમી દેવળીયા ગામના ૧, જેટલા પશુપાલકોએ લાભ લીધેલ જેમાં ગાય, ભેંસ, ઘેટા, બકરા સહિત અંદાજીત ૧૭૦ જેટલા પશુઓને જાતીય આરોગ્ય વિષયક તથા અન્ય સારવાર આપવામાં આવેલ. સદર કેમ્પમાં ઈ.પ.સુયોજના માર્ગદર્શન હેઠળ લાઈવ સ્ટોક ઈન્પેકટર દીપક બી.પટેલ, રોહિતભાઈ ધાખડા, ભગીરથચાનઈ ચૌહાણ તથા કૌશિકભાઈ ભુવાએ સેવા આપેલ તથા કેમ્પને સફળ બનાવવા દેવભુમી દેવળીયા ગામના સરપંચ શ્રીમતી ભાવનાબેન સુખડીયા ગામ આગેવાન નાથાલાલ સુખડીયા, કપિલધાઈ તથા અન્ય ગામ લોકો પશુપાલકોએ જહેમત ઉઠાવી સદર કેમ્પને સફળ બનાવેલ.

### રામનાથ કોવિંદ રિપોર્ટને મોદી કેબિનેટની મંજૂરી

# વન નેશન, વન ઇલેક્શનને લીલી ઝંડીઃ કેન્દ્રિય કેબિનેટે મંજૂરી આપી

## ભારતમાં એક સાથે તમામ ચૂંટણી યોજવાની વાત ઘણા સમયથી થઈ રહી હતી જેથી કરીને ખર્ચ બચે અને આચાર સંહિતાના કારણે વારંવાર અવરોધ પેદા ન થાય

નવી દિલ્હી, તા.૧૮

દેશમાં તમામ વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એક સાથે થાય તે માટેનો માર્ગ ખુલી ગયો છે. વન નેશન, વન ઈલેક્શનની દરખાસ્તને કેન્દ્રિય કેબિનેટે મંજૂરી આપી દીધી છે. ભૂતપૂર્વ પ્રેસિડન્ટ રામ નાથ કોવિંદના અધ્યક્ષપદ હેઠળ પેનલે આપેલો અહેવાલ સ્વીકારી લેવામાં આવ્યો છે. તેના કારણે હવે બધી ચૂંટણીઓ એક સાથે યોજવામાં આવશે અને પંચાયતો તથા નગરપાલિકાઓની ચૂંટણી પણ ૧૦૦ દિવસની અંદર કરાવવામાં આવશે. પેનલમાં ગૃહમંત્રી અમીત શાહ અને કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલ તથા સુપ્રીમ કોર્ટના એડવોકેટ હરીશ સાલ્વે પણ સામેલ હતા. પેનલે કહ્યું હતું કે ૨૦૨૯થી ચૂંટણીઓ એક સાથે યોજવામાં આવશે તે મામલે સર્વાનુમત સાધવામાં આવ્યો છે. હાલની ઈલેક્ટોરલ સાઈકલને કાયદેસર રીતે ટકાઉ હોય તેમ સુરેખિત કરવા માટે પેનલે હાકલ કરી હતી. ચૂંટણી પછી કોઈને બહુમતી ન મળવાથી હંગ એસેમ્બલી સર્જાય તો શું કરવું, અવિશ્વાસની દરખાસ્ત આવે ત્યારે શું કરવું અને પક્ષપલ્ટો થાય ત્યારે શું કરવું તેના માટેના ઉકેલ પણ હવે સોંપવામાં આવશે.

વન નેશન, વન ઈલેક્શન એ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં સામેલ મુદ્દો છે. ૨૦૧૯ અને ૨૦૨૪ની ચૂંટણીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ વિરોધપક્ષોએ તેની આકરી ટીકા કરી હતી. વિરોધપક્ષોનું કહેવું છે કે તમામ વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એક સાથે કરવામાં ઘણા બધા પ્રેક્ટિકલ પ્રશ્નો છે જેનો ઉકેલ જરૂરી છે. તેમણે બંધારણમાં ફેરફાર કરવાના જોખમોનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. બધી જગ્યાએ એક સાથે ચૂંટણી યોજાય તે માટે કેટલીક વિધાનસભાઓની ટર્મ અધવચ્ચેથી ખતમ કરવી પડે તેવી શક્યતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી ટર્મ સંભાળી તેના ૧૦૦ દિવસ પછી વન નેશન, વન ઈલેક્શનની દરખાસ્તને મંજૂર કરવામાં આવી છે જે એક મોટો ફેરફાર છે. તેનાથી ચૂંટણી માટે જે જંગી ખર્ચ કરવો પડે છે તેમાં બચત થશે. તાજેતરમાં ૧૫ ઓગસ્ટે ધ્વજવંદન વખતે મોદીએ કહ્યું હતું કે તેઓ વન નેશન, વન ઈલેક્શનનું વચન પાળવા માટે પ્રતિબદ્ધ છે.

વન નેશન, વન ઈલેક્શન પેનેલે જણાવ્યું હતું કે દેશમાં એક સાથે ચૂંટણીઓ યોજવાથી ખર્ચ ઘટશે, સુરક્ષા બંદોબસ્તમાં સરળતા રહેશે, વારંવાર આચાર સંહિતા લાગુ કરવી નહીં પડે. ૩૨ પક્ષો, ન્યાયતંત્રના અનુભવી લોકો, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ સહિતના લોકોએ આ પદ્ધતિને ટેકો આપ્યો છે તેમ તેમણે કહ્યું હતું.

કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ નિર્ણયનો વિરોધ વ્યક્ત કર્યો છે. મલ્લિકાર્જુન ખડગેએ વન નેશન-વન ઈલેક્શન પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે તે વ્યવહારુ નથી અને તે કામ કરશે નહીં. તેમણે કહ્યું કે વર્તમાન મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પીએમ મોદીએ કહ્યું હતું કે વારંવાર ચૂંટણીઓ દેશની પ્રગતિમાં અવરોધરૂપ બની રહી છે. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' માટે દેશે આગળ આવવું પડશે. નોંધનીય છે કે ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં વન નેશન-વન ઈલેક્શનના મુદ્દાને પણ સ્થાન આપ્યું છે. ભાજપની સાથે એનડીએના ઘણા ઘટક પક્ષો પણ તેના સમર્થનમાં છે. કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળ્યા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ નિર્ણયનો વિરોધ વ્યક્ત કર્યો છે. મલ્લિકાર્જુન ખડગેએ વન નેશન-વન ઈલેક્શન પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે તે વ્યવહારુ નથી.

### માતાજીની મંગળા આરતીમાં મોટી સંખ્યા જોવા મળી

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાનો આજે છેલ્લો દિવસ, ૨૭ લાખે કર્યા દર્શન

## સવારે ૬ કલાકે માતાજીની મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો 'બોલ માડી અંબે જય-જય અંબે'

બનાસકાંઠા, તા.૧૮

બનાસકાંઠાના અંબાજીમાં ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થયેલા ભાદરવી પૂનમના મહાકુંભનો આજે છેલ્લો દિવસ છે. આજે ભાદરવી પૂનમના દિવસે અંબાજી મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. સવારે ૬ કલાકે માતાજીની મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો 'બોલ માડી અંબે જય-જય અંબે'ના નાદ સાથે માતા અંબાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. આ સાથે માતા અંબાજીનું દર્શન કરનારા ભક્તોની સંખ્યા ૨૭ લાખને આંબી ગઈ છે. બુધવારે અંતિમ દિવસ હોવાથી કુલ આંકડો ૩૦ લાખને આંબી જાય તો આશ્ચર્ય નહીં થાય. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ભાદરવી પૂનમે માતા અંબાજીના દર્શન કરીને પૂજા કરી હતી. અંબાજીમાં મીની મહાકુંભ જેવુ દ્રશ્ય છે. હાથમાં ધજા સાથે લાખો ભક્તોના આગમનથી અંબાજી વધુ સુંદર લાગે છે અને તેમના હૃદયમાં માત્ર ભક્તિ અને આનંદ છે. અનેક ભક્તો માતાજીના દર્શન કરવા અને દર્શન કરવા આવી રહ્યા છે. દર્શન કરીને પરત ફરતા ભક્તો તેમના કપાળ પર કુમ કુમ તિલક, હાથમાં ચુન્દ્રી અને પ્રસાદ સાથે અને તેમના હોઠ પર આશીર્વાદ, સુખ અને સંતોષ સાથે જોવા મળે છે. રાત-દિવસ ચાલીને અંબાજી પહોંચેલા શ્રદ્ધાળુઓ અંબાજીની યાત્રા પૂર્ણ કરીને ઉમળકાભેર પરત ફરી રહ્યા છે. ગુરુ ભવન ધર્મશાળા, અંબિકા રેસ્ટોરન્ટ અને ગબ્બર તળેટીમાં દિવાળી નિમિત્તે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. પાટણના સિદ્ધેમ સેવા ટ્રસ્ટ સાથે સંકળાયેલા સ્નેહલભાઈ પટેલે જણાવ્યું હતું કે આ શિબિરના ૩૦૦ જેટલા સભ્યો પદયાત્રીઓને મફત કેન્ટીનમાંથી એક દિવાળી બા ગુરુ ભવન ધર્મશાળામાં મફત ભોજન પૂરું પાડે છે. ભોજન આપવામાં આવે છે. ૧૭ વર્ષથી ચાલી રહેલા આ કેમ્પમાં ભક્તોને બુંદી, ખમણ, શાક-રોટલી, દાળ-ભાતનું ભોજન બપોરે પીરસવામાં આવે છે. સાંજે ભાખરી-શાક અને કઢી-ખીચડીનું ભોજન પીરસવામાં આવે છે.

### ખાદ્યતેલના ભાવમાં ફરી તોતિંગ ઉછાળો

# ગુજરાતની ભોળી જનતા પર વધુ એક મોંઘવારીનો માર

## કપાસિયા તેલના ભાવમાં આજે રૂપિયા ૬૦નો વધારો કરાયો છે, જ્યારે પામોલીન તેલમાં રૂપિયા ૨૦નો વધારો

રાજકોટ, તા.૧૮

જનતા પર વધુ એક મોંઘવારીનો માર ઝીકાયો છે. રાજ્યમાં ફરી ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. હાલ ચોમાસા બાદ શાકભાજીના ભાવો આસમાને છે અને જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે ત્યારે સીંગતેલને છોડીને અન્ય ખાદ્યતેલના ભાવમાં વધારો કરાયો છે. અન્ય તેલમાં કરાયેલા ભાવ વધારાની વાત કરીએ તો કપાસિયા તેલના ભાવમાં આજે રૂપિયા ૬૦નો વધારો કરાયો છે. જ્યારે પામોલીન તેલમાં રૂપિયા ૨૦નો વધારો કરાયો છે.

ગુજરાતમાં ભારે વરસાદને કારણે તેલિબિયા પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયુ છે. જેને લઈને અલગ અલગ તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. કપાસિયા તેલનો ડબ્બો ૬૦ના વધારા સાથે ૨૦૨૦થી ૨૦૭૦ રૂપિયાની સપાટીએ પહોંચ્યો છે. પામતેલ તેલનો ડબ્બો ૧૮૬૦થી ૧૮૬૫ રૂપિયા થયો છે. વરસાદથી તેલબિયા પાકો અને નુકસાનીના અંદાજ લઈને ભાવમાં સતત વધારો થયો છે. કેન્દ્ર સરકારે આયાત ડ્યુટી વધાર્યા બાદ કપાસિયા અને પામતેલમાં ૨૨૫થી ૨૫૦નો તોતિંગ ભાવ વધારો થયો છે. આયાત ડ્યુટી વધારતા હાજર માલની ખેંચના કારણે સાઈડ તેલમાં તેજી યથાવત રહી છે. તમને જણાવી દઈએ કે રાજ્યમાં આ વર્ષે કપાસનું ઓછુ વાવેતર થયુ છે. મગફળીની સરખામણીએ કપાસનું ઓછુ વાવેતર થતા ઉત્પાદનમાં ઘટાડો થાય તેવી શક્યતા છે. તો બીજી તરફ કપાસના પાકમાં ગુલાબી ઈયળનો રોગ આવી જતા વાવેતર પણ ઓછુ થઈ રહ્યુ છે અને ખેડૂતો મગફળી તરફ વળ્યા છે. આ જ કારણોથી કપાસીયા અને તેલિબિયાના ભાવ વધ્યા છે.

### ભારત સરકારે આ મામલે પાકિસ્તાનને નોટિસ મોકલી

# ભારત સરકારે સિંધુ જળ સંધિમાં ફેરફારની માંગણી કરી

## ભારતે સ્પષ્ટપણે કહ્યું કે આ સંધિ ૧૯૬૦થી કાર્યરત છે અને હવે તેના વિવિધ લેખોનું વાસ્તવિક મૂલ્યાંકન કરવું જોઈએ

નવી દિલ્હી, તા.૧૮

ભારત સરકારે સિંધુ જળ સંધિમાં ફેરફારની માંગણી કરી છે. ભારત સરકારે આ મામલે પાકિસ્તાનને નોટિસ પણ મોકલી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન સંજોગોને જોતા સિંધુ જળ સંધિને જાળવી રાખવી શક્ય નથી. ભારતે આ સિંધુ જળ સંધિમાં ફેરફાર કરવાની વાત પણ કરી છે. ભારત સરકાર સાથે જોડાયેલા ટોચના સૂત્રોએ પાકિસ્તાનને મોકલેલી નોટિસ અંગે માહિતી આપી છે. કહેવામાં આવ્યું કે ભારતે સ્પષ્ટપણે કહ્યું કે આ સંધિ ૧૯૬૦થી કાર્યરત છે અને હવે તેના વિવિધ લેખોનું વાસ્તવિક મૂલ્યાંકન કરવું જોઈએ. ભારતે ૩૦ ઓગસ્ટે પાકિસ્તાનને સંધિ સંબંધિત નોટિસ મોકલી હતી.

નોટિસમાં ભારતમાં લખવામાં આવ્યું હતું કે સિંધુ નદીના પાણીનો ઉપયોગ અને વસ્તી વિષયકતા બદલાઈ રહી છે, ભારત સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધી રહ્યું છે અને સંધિમાં ફેરફાર પર વિચાર કરવામાં આવે તે જરૂરી છે. ભારતે આતંકવાદનો ઉલ્લેખ કરીને પાકિસ્તાનને ઠપકો પણ આપ્યો હતો. ભારતે કહ્યું કે પાકિસ્તાન સતત અમારી ઉદારતાનો ગેરવાજબી ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

સિંધુ જળ સંધિની વિશેષતાઓ

- ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૦ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. વિશ્વ બેંકે આ સંધિમાં મધ્યસ્થી કરી હતી. તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાને કરાચીમાં આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા.
- સંધિ હેઠળ સિંધુ નદીના પાણીની વહેંચણી કરવામાં આવી હતી. ભારતને સિંધુ નદી તંત્રની ત્રણ પૂર્વીય નદીઓ (રાવી, સતલજ અને બિયાસ) અને પાકિસ્તાનને ત્રણ પશ્ચિમી નદીઓ (સિંધુ, ઝેલમ અને ચેનાબ)નું પાણી મળ્યું.
- ભારતને પશ્ચિમી નદીઓ પર રન-ઓફ-ધ-રિવર (ROR) પ્રોજેક્ટ દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પણ અધિકાર છે. સંધિના સંચાર અને અમલીકરણ માટે એક ચેનલ જાળવવા માટે કાયમી સિંધુ કમિશનની રચના કરવામાં આવી હતી. કમિશન દર વર્ષે ઓછામાં ઓછી એક વખત મળે છે અને આ બેઠક ભારત અને પાકિસ્તાનમાં વારેવાર યોજાય છે.

### હાલમાં રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી

# રાજ્યમાં ચોમાસાની વિદાયનો પ્રારંભ, છતાં પણ એક રાઉન્ડ આવી શકે

## બંગાળની ખાડીમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી, જેના કારણે ગુજરાતમાં વરસાદની શક્યતા ઓછી છે

અમદાવાદ તા.૧૮

હાલમાં રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી, બંગાળની ખાડીમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી, જેના કારણે ગુજરાતમાં વરસાદની શક્યતા ઓછી છે. આ વખતે ગુજરાતમાં ૪૪ ટકા વધુ વરસાદ થયો છે, બંગાળની ખાડીમાંથી વરસાદી સિસ્ટમ ૨૩-૨૪ સપ્ટેમ્બરના રોજ ગુજરાત પહોંચવાની ધારણા છે. શક્યતા છે. વરસાદનો આ સમયગાળો ચારથી પાંચ દિવસ ચાલે તેમ જણાય છે. રાજ્યના ૬૦ થી ૭૦ ટકા વિસ્તારોમાં આ વરસાદ પડી શકે છે. બે થી પાંચ ઈંચ વરસાદની શકયતા છે.

અંબાલાલ પટેલની આગાહી મુજબ રાજ્યના કેટલાક અલગ-અલગ ભાગોમાં વરસાદની શક્યતા છે. ૧૮ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની સંભાવના છે. પૂર્વ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, સાબરકાંઠા, કચ્છમાં ભારે વરસાદની સંભાવના છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના ભાગોમાં હળવોથી ભારે વરસાદ પડી શકે છે. ૧૦ ઓક્ટોબરથી ૧૩ ઓક્ટોબર સુધી બંગાળના સબ સીમાં ચક્રવાતની શક્યતા રહેશે. નવરાત્રિ દરમિયાન છુટાછવાયા વરસાદની સંભાવના છે.

રાજ્યમાંથી ચોમાસું ધીરે ધીરે વિદાય લેશે. જેના કારણે રાજ્યમાં વરસાદની તીવ્રતા ઘટી છે. રાજ્યના હવામાન વિભાગનો અંદાજ છે કે રાજ્યમાં ૭ દિવસ સુધી સામાન્ય વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ભેજવાળા વાતાવરણને કારણે સામાન્ય વરસાદી ઝાપટા પડશે. સામાન્ય વરસાદ પડશે અને હાલમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી. તેનું પરિણામ રાજ્યની જનતાને ભોગવવું પડી શકે છે.

આ વર્ષે બંગાળની ખાડી સતત સક્રિય છે અને એક પછી એક સિસ્ટમો બની રહી છે. તાજેતરમાં રચાયેલ ડીપ ડિપ્રેશન હાલમાં ઉત્તર ભારત તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. હાલમાં ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ ૨૨ અને ૨૩ની આસપાસના કેટલાક વિસ્તારોમાં વરસાદ વધી શકે છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત, પૂર્વ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ થોડું વધવાની સંભાવના છે.

### લેન્ડ ફોર જોબ કેસ લાલુ પરિવારના વધુ એક સભ્યને સમન્સ

# લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજ પ્રતાપની મુશ્કેલીઓમાં વધારો

## લાલુ યાદવ, અખિલેશ્વર સિંહ, હજારી પ્રસાદ રાય, સંજય રાય, ધર્મેન્દ્ર સિંહ, કિરણ દેવીને પણ કોર્ટ દ્વારા સમન્સ

પટણા,તા.૧૮

લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજ પ્રતાપની મુશ્કેલીઓ વધવાની છે. લેન્ડ ફોર જોબ કેસમાં તેજ પ્રતાપને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં પણ સમન્સ મોકલવામાં આવ્યા છે.

તેમના સિવાય લાલુ પ્રસાદ યાદવ, તેજસ્વી, અખિલેશ્વર સિંહ, હજારી પ્રસાદ રાય, સંજય રાય, ધર્મેન્દ્ર સિંહ, કિરણ દેવીને પણ કોર્ટ દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા છે. આ મામલામાં સુનાવણી ૭ ઓક્ટોબરે થવાની છે.

મળતી માહિતી મુજબ, જે કેસમાં લાલુ પરિવારને સમન્સ પાઠવવામાં આવ્યા છે તે ઘણા વર્ષો જૂનો છે. વાસ્તવમાં લેન્ડ ફોર જોબ કેસ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીનો છે જ્યારે લાલુ પ્રસાદ કેન્દ્રીય રેલ્વે મંત્રી હતા. આરોપ છે કે જ્યારે ઓફિસમાં હતા ત્યારે લાલુ પ્રસાદે પરિવારને જમીન ટ્રાન્સફર કરવાના બદલામાં રેલવેમાં નોકરી આપી હતી.સીબીઆઈએ એવો પણ આરોપ લગાવ્યો છે કે રેલ્વેમાં કરવામાં આવેલી ભરતીઓ ભારતીય રેલ્વેના માપદંડો અને માર્ગદર્શિકા અનુસાર નથી. પટના, મુંબઈ અને અન્ય શહેરોમાં લાલુ પરિવારના સભ્યોના નામે કિંમતી જમીન નોંધાયેલી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. સીબીઆઈએ ગયા વર્ષે ૧૮ મેના રોજ આ મામલે કેસ નોંધ્યો હતો.

જો કે, આ મામલે ઈઢએ તેના વતી કેસ પણ નોંધ્યો છે. હાલમાં કોર્ટ દ્વારા જે સમન્સ જારી કરવામાં આવ્યા છે તે માત્ર ઈઢ કેસમાં જ જારી કરવામાં આવ્યા છે. આ મામલામાં આગામી સુનાવણી ૭ ઓક્ટોબરે થશે. એવું કહેવામાં આવ્યું છે કે આ કેસમાં વધુ સુનાવણી ઈઢની પૂરક ચાર્જશીટના આધારે હાથ ધરવામાં આવશે. આ કેસમાં નવું અપડેટ એ છે કે હવે તેજ પ્રતાપની પણ ધરપકડ કરવામાં આવી છે.અત્યાર સુધી માત્ર લાલુ પ્રસાદ યાદવ, તેજસ્વી યાદવ, રાબડી દેવી, મીસા ભરતને જ હાજરી માટે બોલાવવામાં આવ્યા હતા. પરંતુ હવે દાવો આવ્યો છે કે તેજ પ્રતાપને પણ કોર્ટમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે, તેમને આ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યા છે. હજુ સુધી તેજ પ્રતાપ દ્વારા આ મામલે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. લાલુ યાદવે કે તેજસ્વીએ કોઈ નિવેદન આપ્યું નથી. એ અલગ વાત છે કે આરજેડી સમયાંતરે તેને રાજનીતિથી પ્રેરિત ગણાવતી રહે છે.

### યુનિવર્સિટીના કુલપતિને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે

# સૌરાષ્ટ્ર યુનિ. સહિત રાજ્યની ૧૧ સરકારી યુનિવર્સિટીઓ FRCની સ્થાપના કરશે

## ખાનગી યુનિવર્સિટીઓ પર સરકારનું કોઈ નિયંત્રણ નથી અને તેમને ખુલ્લેઆમ લૂંટ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારમાં ખાનગી શાળાઓ સામે ફી નિયમન સમિતિ (FRC)ની રચના કરવામાં આવી હતી અને ફી નિયમન માટે કાયદો અમલમાં મૂકવામાં આવ્યો હતો. જોકે, FRCનો નિયમ મુજબ બરાબર અમલ થતો ન હોવા છતાં હવે ભૂપેન્દ્ર પટેલની વર્તમાન સરકારે ગુજરાતમાં FRC બનાવવાની જાહેરાત કરી છે. જો કે, મહત્વની વાત એ છે કે તમામ ખાનગી કોલેજો ખૂબ ઊંચી ફી વસૂલતી નથી, પરંતુ તેમ છતાં એફઆરસીના આગમનથી વિદ્યાર્થીઓને ફાયદો થશે. પરંતુ ઘણીવાર એવું ચિત્ર ઊભું થતું રહે છે કે દરેક કોર્સ માટે ખુલ્લી લૂંટ ચલાવતી ખાનગી યુનિવર્સિટીઓ પર સરકારનું કોઈ નિયંત્રણ નથી અને તેમને ખુલ્લેઆમ લૂંટ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગુજરાત સરકારના નવા કાયદા મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજ્યની ૧૧ સરકારી યુનિવર્સિટીઓ હ્લઈઝની સ્થાપના કરશે. શાળાઓ જેવી જ ફી નિયમન સમિતિઓ. જેમાં BA, B.Com, B.Sc, BBA, BCA સહિતના એન્જિનિયરિંગ અને મેડિકલના નોન-ટેક્નિકલ કોર્સની ફી યુનિવર્સિટી કક્ષાએ કુલપતિની અધ્યક્ષતામાં બનેલી કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે. સામાન્ય રીતે, શાળાઓ અને રાજ્ય સ્તરે ફી નિયમન માટે રચાયેલી સમિતિની અધ્યક્ષતા નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા કરવામાં આવે છે. જ્યારે યુનિવર્સિટી કક્ષાએ ચાલતા અભ્યાસક્રમો માટે નિયત કરાયેલ FRCમાં યુનિવર્સિટીના કુલપતિને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે. સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના નિવૃત્ત જજ સભ્ય હશે. આ ઉપરાંત યુનિવર્સિટીના જનરલ સેક્રેટરી સભ્ય હશે તો નાણા અને હિસાબી અધિકારી સભ્ય સચિવ રહેશે. જો કે, આ સમિતિ ખાનગી યુનિવર્સિટીઓમાં ચાલી રહેલી ખુલ્લેઆમ લૂંટને રોકી શકતી નથી. આ પહેલા પણ રાજ્ય સરકાર દ્વારા અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક સ્તરે પ્રવેશ માટે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ પર વિદ્યાર્થીઓની નોંધણી ફરજિયાત કરવામાં આવી હતી. નવો એફઆરસી કાયદો હવે કાયદામાં ખાનગી કોલેજોમાં વસૂલવામાં આવતી ફીનું નિયમન કરશે, જ્યારે કે જેમણે એડમિશન મોડું શરૂ કર્યું હતું અને ખાનગી યુનિવર્સિટીઓએ તેમના એડમિશન અગાઉ ખોલ્યા હોવાથી તેમને ઘણો ફાયદો થયો હતો. પરંતુ ખાનગી યુનિવર્સિટીઓમાં વસૂલવામાં આવતી અતિશય ફી પર કોઈ રોક લાગશે નહીં.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ખાનગી કોલેજના પ્રમુખ ડો.નેહલ શુક્લાએ જણાવ્યું હતું કે, રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે સ્થાનિક સ્તરે એફઆરસીનું સૂચન કરવામાં આવ્યું છે. જેમાં યુનિવર્સિટીના કુલપતિને પ્રમુખ તરીકે રાખવાની જોગવાઈ છે. જ્યારે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ, ભૂતપૂર્વ ચાન્સેલર, રાષ્ટ્રીય અથવા જાહેર ક્ષેત્રની બેંકના નિવૃત્ત જનરલ મેનેજર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેમજ યુનિવર્સિટીના જનરલ સેક્રેટરીને સભ્યો તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ અને કોલેજો માટે FRC સારી બાબત છે. કાઉન્સિલની જેમાં એન્જિનિયરિંગ, મેડિકલ, પેરા મેડિકલ, લો અને બી.એડ સહિતના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. ફી રેગ્યુલેશન કમિટી રાજ્ય કક્ષાએ છે અને ફી નક્કી કરવા માટે સ્કૂલોમાં પણ ફી રેગ્યુલેશન કમિટી હોય છે. પરંતુ તેના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયાધીશ છે. જ્યારે તેઓ યુનિવર્સિટીના એક્ટમાં સભ્ય છે. કુલપતિ પોતે આ કમિટીના ચેરમેન હોવાથી જો કોઈ કોલેજ વધુ ફી નક્કી કરશે તો તેને વિદ્યાર્થીઓ અને વાલીઓના રોષનો સામનો કરવો પડશે અને જો ઓછી ફી નક્કી થશે તો તેની સીધી જવાબદારી કોલેજના કુલપતિની રહેશે. આ એકાઉન્ટન્ટનો વિષય હોવાથી કુલપતિએ તેને ઉંડાણપૂર્વક સમજવો પડશે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કેટલીક કોલેજો શરતો વગર ચાલી રહી છે અને વધુ ફી વસૂલતી હોય છે ત્યારે તેની શું અસર થાય છે, તો તેમણે કહ્યું કે, ફી નિયમન સમિતિનું કામ ફીનું નિયમન કરવાનું છે. જો કોઈપણ કોલેજ તેના ખર્ચના પ્રમાણમાં વધુ ફી વસૂલતી હોય તો તે કોલેજની આવક અને ખર્ચના હિસાબો જોઈને તેના પર નિયંત્રણ કરવામાં આવશે. યુનિવર્સિટીના કોર કોર્સ ગણાતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચાલતા નોન-કાઉન્સીલ કોર્સને આ ફી નિયમન સમિતિની અસર થશે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૨૩૫ કોલેજોના ૨ લાખ જેટલા વિદ્યાર્થીઓને આ ફીની અસર થશે.

### ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દુનિયાની મોંઘી ચૂંટણી હતી

# વન નેશન-વન ઈલેક્શન કેમ જરુરી છે તેમજ તેની સામે પડકારો કેટલા છે જાણો

નવી દિલ્હી, તા.૧૮

શું ભારતમાં તમામ પ્રકારની ચૂંટણીઓ એકસાથે યોજાઈ શકે છે, એટલે કે લોકસભા, વિધાનસભાની ચૂંટણીઓ વગેરે. આ ચર્ચા છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહી છે. ત્યારે હવે આના પર મોદી કેબિનેટની બેઠકમાં વન નેશન-વન ઈલેક્શન પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. તો આજે આપણે વન નેશન વન ઈલેક્શનની સામે કેટલા પડકારો છે તેના વિશે વિગતવાર જાણીએ.

દર વર્ષે દેશમાં અંદાજે ૫ થી ૬ ચૂંટણી હોય છે.ચૂંટણીમાં સરકારને ખુબ ખર્ચ થાય છે.સાથે રાજનીતિક પાર્ટીઓને પણ વધારે ખર્ચો થાય છે.વિવિધ ચૂંટણીઓ અસ્થિરતા અને અનિશ્ચિતતા તરફ દોરી જાય છે. સપ્લાય ચેઈન, રોકાણ અને આર્થિક વિકાસ અવરોધાય છે. સરકારી તંત્રની કામગીરીમાં અવારનવાર વિક્ષેપો સર્જાય છે. સરકારી તંત્રમાં અવરોધને કારણે લોકોની તકલીફ વધે છે. સરકારી અધિકારીઓ અને સુરક્ષા દળો વારંવાર ચૂંટણી ફરજમાં લગાવવામાં આવે છે.

વન નેશન-વન ઈલેક્શન સિસ્ટમ લાગુ કરવામાં સૌથી મોટો પડકાર સંવિધાન અને કાયદામાં ફેરફારનો છે. એક દેશ એક ચૂંટણી માટે બંધારણમાં સુધારો કરવો પડશે. ત્યારબાદ આ તેને રાજ્ય વિધાનસભાઓ પાસે પાસ કરાવવો પડશે. આમ તો લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ ૫ વર્ષ સુધીનો હોય છે. પરંતુ તે પહેલા પણ તેને ભંગ કરવામાં આવી શકે છે.ત્યારે સરકારની સામે મોટો પડકાર હોય છે કે, લોકસભા કે કોઈ વિધાનસભા ભંગ થાય તો એક દેશ એક ચૂંટણી (One Nation One Election)કઈ રીતે સફળ થશે.

આપણા દેશમાં ઈવીએમ અને વીવીપેટથી ચૂંટણી યોજાય છે. જેની સંખ્યા મર્યાદિત છે.જો એક સાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીનું આયોજન કરવામાં આવશે તો વધારે મશીનોની જરુર પડશે. જેને પૂર્ણ કરવો પણ એક પડકાર હશે. એક સાથે ચૂંટણી કરવાથી પ્રશાસન અને સુરક્ષા દળોની જરુરિયાતને પૂર્ણ કરવી પણ એક મોટો સવાલ બની સામે આવશે.

એક તો ભારતમાં ચૂંટણી ખુબ મોંઘી બની ગઈ છે. ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દુનિયાની સૌથી મોંઘી ચૂંટણી હતી. એક રિપોર્ટ મુજબ આ ચૂંટણીમાં ૫૫ હજાર કરોડ રુપિયા ખર્ચ થયા હતા. તેથી જ નિષ્ણાતો માને છે કે ચૂંટણીનો વ્યાપક અવકાશ આવરી લેવો જોઈએ. હવે કોવિંદ કમિટીના રિપોર્ટ પરથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે એક દેશ, એક ચૂંટણી લોકશાહીને સરળતાથી આગળ લઈ જવાનું માધ્યમ બની જશે.

### રાહુલ ગાંધીના વિરોધમાં નિવેદન આપવા ભારે પડ્યાં

# NDAના 3 નેતા અને શિવસેના ૧ નેતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

## નિવેદનોનો હેતુ રાહુલ ગાંધીની સુરક્ષાને જોખમમાં નાખવી અને સમગ્ર દેશમાં શાંતિ ભંગ કરવાનો હતો : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧૮

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી વિરુદ્ધ ખોટા નિવેદનો આપવા દ્રઢછના નેતાઓને ભારે પડ્યું. રાહુલ ગાંધી વિરુદ્ધ 'વિવાદાસ્પદ અને ધમકીભર્યા નિવેદનો' આપવા બદલ કોંગ્રેસ નેતાએ દ્રઢછ ૩ નેતાઓ અને શિવસેના ૧ નેતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી છે. છૈંઝઝના કોષાધ્યક્ષ અને મહાસચિવ અજય માકને તુગલક રોડ પોલીસ સ્ટેશનના એસએચઓને ફરિયાદ આપી છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, નિવેદનોનો હેતુ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની સુરક્ષાને જોખમમાં નાખવી અને સમગ્ર દેશમાં શાંતિ ભંગ કરવાનો છે. AICCના કોષાધ્યક્ષ અને મહાસચિવ અજય માકને તુગલક રોડ પોલીસ સ્ટેશનના SHO ને આપેલી ફરિયાદમાં કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ, ભાજપના નેતાઓ તરવિંદર સિંહ મારવાહ અને રઘુરાજ સિંહની સાથે-સાથે શિવસેનાના ધારાસભ્ય સંજય ગાયકવાડની તાજેતરની ટિપ્પણીઓનો હવાલો આપ્યો છે. માકને નેતાઓ સામે FIR નોંધવાની માંગ કરી છે. પોલીસ ફરિયાદ કર્યા બાદ માકને કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે, સ્વ. ઈન્દિરા ગાંધી અને સ્વ. રાજીવ ગાંધીએ દેશ માટે પોતાનું બલિદાન આપ્યું છે. તેમ છતાં આ લોકો આ પ્રકારની ધમકીઓ આપી રહ્યા છે. ભારતમાં રાજકારણ આટલા નીચા સ્તરે ન જઈ શકે. માત્ર ભાજપના એક નેતા જ નહીં પરંતુ ઘણા નેતાઓએ એવી વાતો કહી છે પરંતુ ભાજપે કોઈ કાર્યવાહી ન કરી. રાહુલ ગાંધી એસસી, એસટી, ઓબીસી, આદિવાસી અને લઘુમતી વિશે વાત કરે છે. આ જ કારણ છે કે, ભાજપના લોકોને તેમની વાત પસંદ નથી આવતી. આ જ કારણોસર તેઓ તેમને ધમકાવી રહ્યા છે.

માકને આગળ કહ્યું કે, કોંગ્રેસ ડરી જનારી કે ઝૂકવા વાળી પાર્ટી નથી. પોલીસ ફરિયાદમાં માકને કહ્યું કે, ૧૧ સપ્ટેમ્બરના રોજ મારવાહે ભાજપના એક કાર્યક્રમમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ખુલ્લેઆમ હત્યાની ધમકી આપી હતી. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધી સુધરી જાઓ નહીંતર આવનારા સમયમાં તમારા હાલ પણ તમારી દાદી જેવા જ થશે. ફરિયાદમાં શિવસેનાના ધારાસભ્ય ગાયકવાડે રાહુલ ગાંધીની જીભ કાપી લાવનારને ૧૧ લાખના ઈનામની જાહેરાત કરી હતી તેનો પણ હવાલો આપ્યો છે.

### ફરી યોજાશે રાજપૂત સમાજનું મહા સંમેલન

# ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્ન આપવાની માંગ પ્રબળ બની

## ૨૦મી તારીખે પોતાના રાજપૂત સમાજ ભવનમાં 'સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ'નું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ, તા.૧૮

ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્ન આપવાની માંગ રાજપૂત સમાજમાં પ્રબળ બની છે. સમાજની આ માંગ ઉપરાંત બીજી અન્ય માંગણીઓને લઈને ગુજરાતમાં ફરી એકવાર રાજપૂત સમાજ એક મંચ પર આવશે. આગામી ૨૦મી તારીખે પોતાના રાજપૂત સમાજ ભવનમાં 'સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ'નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાત ભરના રજવાડાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

ગત લોકસભાની ચૂંટણીમાં ભાજપના નેતા પુરુષોત્તમ રૂપાલાના નિવેદનને પગલે સમગ્ર રાજપૂત સમાજ રોષે ભરાયો હતો અને તે સમયે રાજપૂત સમાજ દ્વારા અલગ અલગ સંમેલનો અને પ્રદર્શન યોજી વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે હવે ફરી એકવાર રાજપૂત સમાજ એક મંચ પર આવવા જઈ રહ્યો છે. આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ ગોતામાં આવેલા રાજપૂત સમાજ ભવનમાં એક મહા સંમેલન યોજવા જઈ રહ્યું છે. જેમાં ભાવનગરના મહારાજા વિજયરાજ સિંહજી ગોહિલ ઉપસ્થિત રહેવાના છે. આ ઉપરાંત સમાજના અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

'સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ'ના પ્રવકતા અર્જુનસિંહ ગોહિલએ જણાવ્યું કે, રાજપૂત સમાજના ફેડરેશનની શરૂઆત કરી સમાજને એક કરવાનો પ્રયાસ છે. આ ઉપરાંત ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારત રત્ન આપવાની માંગ છે. ક્ષત્રિય સમાજના આંદોલનમાં સહયોગ આપનાર તમામને મંચ પર હાજર રખાશે. તો વળી ક્ષત્રિય સમાજના કુળદેવીનું મંદિર બનાવવાનું આયોજન છે. જે મુદ્દાની પણ ચર્ચા આ મહાસંમેલનમાં થશે. આ મહા સંમેલન યોજવા પાછળનું મુખ્ય કારણ માત્ર સમાજ એકત્રીકરણનું છે. તગસહ આગેવાન અશ્વિનસિંહ સરવૈયાએ જણાવ્યું કે સમાજના કોઈ ભાગલાની વાત જ નથી. રાજપૂત સમાજ દરિયો છે. સંકલન સમિતિ અમારી સાથે છે. સંમેલનમાં ગુજરાતના તમામ રજવાડાઓને આમંત્રણ આપ્યું છે. તમામ ક્ષત્રિય સમાજના આગેવાનો ૨૦ તારીખે હાજર રહેશે.

સાણંદ સ્ટેટ, ગોંડલ રાજ પરિવાર, કાઠી સ્ટેટ પણ હાજર રહેશે. અમે રાજપૂત રાજકીય આગેવાનોને પણ આમંત્રણ આપ્યું છે. આ સંમેલનનો હેતુ કોઈ રાજકીય વાતનો નથી. મહત્વનું છે કે આગામી સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે તેવામાં રાજપૂત સમાજ દ્વારા આયોજિત આ મહા સંમેલન સૂચક બન્યું છે.

### દિવાળી પહેલાં કરી લો સોનાની ખરીદી

# સોનાનો ભાવ ૭૫ હજારની નજીક પહોંચી ગયો છે

## તહેવારોની સીઝન દરમિયાન સોનુ અથવા સોનાના આભૂષણ ખરીદવું, ખિસ્સા પર ભારે પડી શકે છે

નવી દિલ્હી,તા.૧૮

સોનાના ભાવમાં પાછી ઉથલપાથલ જોવા મળી રહી છે. બજેટ પછી જે ભાવ પછડાયા ત્યારબાદ ફરી ચડ્યા અને હવે વળી પાછો ભાવમાં ઉતાર ચડાવ જોવા મળી રહ્યો છે. તહેવારોની સીઝન દરમિયાન સોનુ અથવા સોનાના આભૂષણ ખરીદવું, ખિસ્સા પર ભારે પડી શકે છે. સોનાની કિંમતોમાં આવનારા દિવસોમાં ભારે ઉછાળો આવવાની સંભાવના છે. એક્સપર્ટનું માનીએ તો સોનાના ભાવ દિવાળી સુધીમાં આસમાને પહોંચી જશે. આજે સોનાનો ભાવ ૭૫ હજારની નજીક પહોંચી ગયો છે. ગઈકાલે સપ્તાહના બીજા દિવસે સોનાના ભાવમાં વધારો આવ્યો હતો. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના દેશમાં ૨૪ કેરેટ સોનાના રેટ ૭૫,૦૦૦ રૂપિયાની નજીક કારોબાર કરી રહ્યા હતો. સોનાનો ભાવ ઘણા સમય બાદ ૭૫,૦૦૦ રૂપિયાના લેવલની નજીક પંહોચ્યાં છે. ચાંદીના ભાવમાં આજે તા.૧૮ સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે સોનાના ભાવમાં તેજી રહી છે. આજે સોનાનો ભાવ ૭૩,૨૫૦ રૂપિયાની નજીક છે જ્યારે ચાંદીનો ભાવ ૮૮,૭૦૦ રૂપિયાની નજીર કારોબાર કરતો જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના વાયદા ભાવમાં તેજી. જ્યારે ચાંદીના વાયદા ભાવમાં નરમાશ જોવા મળી રહી છે.

વાયદા બજારમાં ઉલ્ટુ જોવા મળ્યું, જ્યાં સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો. આજે ૧૮ સપ્ટેમ્બરે વાયદા બજાર (MCX) પર સોનું ૧૩૧ રૂપિયા ચડીને ૭૩,૨૨૫ રૂપિયાની આસપાસ જોવા મળ્યું. જે કાલે ૭૩,૦૯૪ રૂપિયા પર ક્લોઝ થયું હતું. જ્યારે ચાંદી ૩૬૩ રૂપિયાની તેજી સાથે ૮૮,૭૭૭ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર જોવા મળી જે કાલે ૮૯,૧૪૦ રૂપિયા પર ક્લોઝ થઈ હતી.

રાજકોટ અને અમદાવાદમાં સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આજે રાજકોટમાં સોનાનો ભાવ ૭૪ હજાર ૮૯૦ રૂપિયા છે. જ્યારે ચાંદીનો ભાવ ૮૮ હજાર ૬૮૦ રૂપિયા નોંધાયો છે. રાજકોટ બાદ અમદાવાદમાં આજે ૭૪ હજાર ૮૯૦ રૂપિયા સોનાનો ભાવ નોંધાયો છે. જ્યારે ચાંદીનો ભાવ ૯૨ હજાર રૂપિયા નોંધાયો છે. ૨૪ કેરેટ સોનાના આભૂષણોમાં ૯૯૯ લખ્યું હોય છે. જ્યારે ૨૩ કેરેટ સોના પર ૯૫૮, ૨૨ કેરેટ પર ૯૧૬, ૨૧ કેરેટ પર ૮૭૫ અને ૧૮ કેરેટ શુદ્ધ સોના પર ૭૫૦ લખ્યું હોય છે. ૨૪ કેરેટ સોનું લગભગ ૯૯.૯% શુદ્ધ હોય છે જ્યારે ૨૨ કેરેટ સોનું ૯૧ ટકા શુદ્ધ હોય છે.

### જમ્મુ કાશ્મીરમાં પહેલા તબક્કાનું મતદાન પૂર્ણ

# સાંજે પાંચ વાગ્યા સુધી ૫૮.૧૯% મતદાન, કિશ્તવાડમાં સૌથી વધુ ૭૭.૨૩% મતદાન

## કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ લાંબા અંતરાલ પછી યોજાયેલી ચૂંટણીમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ

જમ્મુ, તા.૧૮

જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં બમ્પર ૫૮.૧૯ ટકા મતદાન નોંધાયું છે. કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ લાંબા અંતરાલ પછી યોજાયેલી ચૂંટણીમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થતાં તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે. અહીં કિસ્તવાડમાં સૌથી વધુ ૭૭.૨૩ ટકા મતદાન યોજાયું છે.

જાણો કંઈ બેઠકો પર કેટલું નોંધાયુ મતદાન

અનંતનાગ - ૪૧.૫૮ ટકા
અનંતનાગ (પશ્ચિમ) - ૪૫.૯૩ ટકા
બનિહાલ - ૬૮ ટકા
ભદ્રવાહ - ૬૫.૨૭ ટકા
ડીએચ પોરા - ૬૫.૨૧ ટકા
દેવસર - ૫૪.૭૩ ટકા
ડોડા - ૭૦.૨૧ ટકા
ડોડા (પશ્ચિમ) - ૭૪.૧૪ ટકા
નીચે - ૫૭.૯૦ ટકા
ઈન્દરવાલ - ૮૦.૦૬ ટકા
કિશ્તવાડ - ૭૭.૨૩ ટકા
કોકરનાગ (જી) - ૫૮ ટકા
કુલગામ - ૫૯.૫૮ ટકા
પૈડર-નાગસેની - ૭૬.૮૦ ટકા
પહેલગામ - ૬૭.૮૬ ટકા
પંપોર - ૪૨.૬૭ ટકા
પુલવામા - ૪૬.૨૨ ટકા
રાજપોરા - ૪૫.૭૮ ટકા
રામબન - ૬૭.૩૪ ટકા
શંગસ - અનંતનાગ (પૂર્વ) - ૫૨.૯૪ ટકા
શોપિયાં - ૫૪.૭૨ ટકા
શ્રીગુફવારા-બિજબેહારા - ૫૬.૦૨ ટકા
ત્રાલ - ૪૦.૫૮ ટકા
ઝૈનાપોરા - ૫૨.૬૪ ટકા

પ્રથમ તબક્કાના મતદાન માટે સુરક્ષા દળો અને એજન્સીઓ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ચૂંટણી પંચે વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે પણ ખાસ વ્યવસ્થા કરી હતી. દિલ્હી, જમ્મુ અને ઉધમપુરમાં વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે વિશેષ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા હતા. વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે દિલ્હીમાં ચાર, જમ્મુમાં ૧૯ અને ઉધમપુરમાં એક વિશેષ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં કુલ ત્રણ તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કામાં આજે (૧૮મી સપ્ટેમ્બર) બમ્પર મતદાન થયું છે. જ્યારે બીજા તબક્કામાં ૨૫ સપ્ટેમ્બરે અને ત્રીજા તબક્કામાં પહેલી ઓક્ટોબરે મતદાન થવાનું છે. આ તમામ તબક્કાના પરિણામો ૮ ઓક્ટોબરે આવશે. ૯૦ બેઠકો ધરાવતી વિધાનસભામાં ૧૩ મુખ્ય પક્ષોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે. પ્રાદેશિક પક્ષોમાં મહેબૂબા મુફતીની આગેવાની હેઠળની પીડીપી અને ઓમર અબ્દુલ્લાની આગેવાની હેઠળની નેશનલ કોન્ફરન્સ આ ચૂંટણીમાં મુખ્યરૂપે મેદાનમાં છે. નેશનલ કોન્ફરન્સ મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને ચૂંટણી મેદાનમાં ઉતરી છે.

### ગ્રહના અભ્યાસ માટે ૧૨૩૬ કરોડની ફાળવણી

# ચંદ્ર અને મંગળ પછી શુક્ર મિશનને કેબિનેટની મંજૂરી

## ૨૦૪૦ સુધી અવકાશયાત્રીઓને ચંદ્ર પર મોકલવાનું આયોજન

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્રીય કેબિનેટે ૧૮ સપ્ટેમ્બરે યોજાયેલી એક બેઠકમાં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રના પણ અનેક પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રસપ્રદ વાત એ છે કે, તેમાં વિનસ ઓર્બિટર મિશન પણ સામેલ છે. આ મિશન હેઠળ ભારતીય વિજ્ઞાનીઓ શુક્ર ગ્રહને સમજવા માટે ત્યાં ઓર્બિટર મોકલીને વિવિધ ડેટા ભેગો કરશે. આ મિશન હેઠળ એક ખાસ સ્પેસક્રાફ્ટ તૈયાર કરાશે, જે શુક્રની ચોતરફ ચક્કર મારીને તેની સપાટી, વાયુ મંડળ અને સૂરજની અસરો વગેરેનો ડેટા ભેગો કરશે. આ સાથે કેબિનેટે ચંદ્રયાન-૪, ગગનયાન, ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન લૉન્ચ વ્હિકલ વિકસાવવાની યોજનાઓને પણ મંજૂરી આપી છે.

આજે બુધવારે કેન્દ્રીય કેબિનેટ દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ચંદ્ર પર ઉતારવા અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત ફરવા માટે જરૂરી ટેક્નોલોજી વિકસાવવા અને દર્શાવવા માટેના નવા ચંદ્ર મિશન ચંદ્રયાન-૪ને મંજૂરી આપી છે. જેમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનના વિસ્તરણની સાથે અન્ય ઘણાં નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. જે ગગનયાનના વિસ્તરણ અને શુક્ર ગ્રહ પર મિશન મોકલવાની યોજના છે.'

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશનનું વિસ્તરણ કરવામાં આવ્યું છે, તેનું આગામી પગલું ચંદ્ર પર માનવ મિશન મોકલવાનું છે. જેના પ્રારંભિક તબક્કાને લઈને મંજૂરી આપી દેવામાં આવી છે. વિનસ ઓર્બિટર મિશન, ગગનયાન ફોલો-ઓન અને ઈન્ડિયન સ્પેસ સ્ટેશન અને નેક્સ્ટ જનરેશન માટે લૉન્ચ વ્હીકલ ડેવલપમેન્ટને પણ મંજૂરી આપવામાં આવી છે. ચંદ્રયાન-૪ મિશન હેઠળ ચંદ્રના ખડકો અને માટીને પૃથ્વી પર લાવવામાં આવશે.'

આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, 'ચંદ્રયાન-૪ મિશન ભારતીય અવકાશયાત્રીઓને વર્ષ ૨૦૪૦ સુધીના આયોજન સાથે ચંદ્ર પર ઉતારવા અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત કરવા માટે જરૂરી ટેક્નોલોજી મેળશે. જેમાં ડોકિંગ/અનડોકિંગ, લેન્ડિંગ, પૃથ્વી પર સુરક્ષિત પરત ફરવા અને ચંદ્રના નમૂનાના સંગ્રહ અને વિશ્લેષણને પૂર્ણ કરવા માટે જરૂરી ટેક્નોલોજીઓનું પ્રદર્શન કરવામાં આવશે.'

મળતી માહિતી પ્રમાણે, ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેશન મિશન ચંદ્રયાન-૪ માટે કુલ ફંડની જરૂરિયાત રૂ.૨,૧૦૪.૦૬ કરોડ છે. જેમાં અવકાશયાનના વિકાસ અને પ્રક્ષેપણની જવાબદારી ઈસરોની રહેશે. ઉદ્યોગ અને શિક્ષણવિદોની ભાગીદારી સાથે આ મિશન મંજૂરીના ૩૬ મહિના સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. તમામ નિર્ણાયક ટેક્નોલોજીને સ્વદેશી રીતે વિકસાવવાની પરિકલ્પના કરવામાં આવી છે.

કેન્દ્રીય કેબિનેટે શુક્ર ગ્રહ પર વૈજ્ઞાનિક સંશોધન માટે અને શુક્રના વાતાવરણ, ભૂસ્તરશાસ્ત્રને વધુ સારી રીતે સમજવા અને તેના વાયુમંડળની તપાસ કરીને મોટી માત્રામાં વૈજ્ઞાનિક ડેટા મેળવવા માટે શુક્ર પરિક્રમા મિશનને (ઈસરો) પણ મંજૂરી આપવામાં આવી છે. જેમાં ગ્રહનો અભ્યાસ કરવા ૧૨૩૬ કરોડના ભંડોળ ફાળવાશે, જેમાંથી ૮૨૪ કરોડ રૂપિયા અંતરિક્ષ યાન પર ખર્ચ કરવામાં આવશે. વધુ માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેબિનેટે હેવી નેક્સ્ટ જનરેશન લૉન્ચ વ્હીકલને પૃથ્વીની નીચલી કક્ષામાં ૩૦ ટનના પેલોડ સ્થાપિત કરવાની મંજૂરી આપી છે.'

### સુરતમાં બેવડી ઋતુથી રોગચાળો વકર્યો

# સિવિલ હોસ્પિટલ બાળદર્દીઓથી ઉભરાઈ, સૌથી વધારે શરદી-ખાંસીના કેસ નોંધાયા

## ઉલટી, શરદી-ખાંસી અને તાવ સાથેના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓના સૌથી વધુ કેસો સુરત નવી સિવિલ હોસ્પિટલના ચોપડે નોંધાઈ રહ્યા છે

સુરત, તા.૧૮

વરસાદ બાદ રોગચાળાએ ફરી માથું ઉંચક્યું છે. બેવડી ઋતુના કારણે લોકો બીમારીનો શિકાર થઈ રહ્યાં છે. ત્યારે ફરી એક વાર શહેરમાં પાણીજન્ય અને મચ્છર જન્ય રોગોમાં વધારો થયો છે. સ્લમ વિસ્તારમાંથી શરદી, ખાંસી, તાવ અને ઝાડા-ઉલ્ટીના લક્ષણો સાથે બાળ દર્દીઓથી સુરત નવી સિવિલ હોસ્પિટલની ઓપીડી ઉભરાઈ રહી છે. સુરત નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગમાં આવેલ બાળ દર્દીઓની ઓપીડી છેલ્લા કેટલાક દિવસોથી બાળ દર્દીઓથી ઉભરાઈ રહી છે. વરસાદી ઋતુ બાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોમાં વધારો નોંધાયો છે. સુરતના લિંબાયત, ઉધના, પાંડેસરા, સચિન તેમજ અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી ઝાડા, ઉલટી, શરદી-ખાંસી અને તાવ સાથેના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓના સૌથી વધુ કેસો સુરત નવી સિવિલ હોસ્પિટલના ચોપડે નોંધાઈ રહ્યા છે. સ્લમ વિસ્તારમાંથી સૌથી વધુ કેસ સામે આવતા નવી સિવિલ હોસ્પિટલની બાળ દર્દીઓની ઓપીડી બહાર લાંબી કતાર જોવા મળી રહી છે. પાણી અને મચ્છર જન્ય રોગોમાં બાળકો સૌથી વધુ સપડાય રહ્યા છે, જેના પગલે પાલિકાના આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલ ઉભા થયા છે. બીજી તરફ સામાન્ય શરદી, ખાંસી, તાવ અને ઝાડા ઉલટીની ફરિયાદ સાથે લાવવામાં આવેલ બાળ દર્દીઓને સૌ પ્રથમ તો પરિવારજનો સ્થાનિક વિસ્તારમાં આવેલ નકલી તબીબો પાસે લઈ જાય છે. પરિણામે નકલી તબીબો પાસે સારવાર મેળવવાના કારણે બાળકોની તબિયત વધુ લથડી જાય છે. જ્યાં આવા ઝોલાછાપ તબીબોના હાથમાં કેસ હાથથી બહાર જાય ત્યારબાદ આવા બાળકોને સુરત નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાની સલાહ આપવામાં આવે છે. જે અંગે નવી સિવિલ હોસ્પિટલમાં મહિલા તબીબ જિગીષા પાટડિયાએ જણાવ્યું છે કે,"આ ખૂબ જ ગંભીર બાબત છે. શરૂઆતમાં આવા તબીબો પાસે લઈ જવાના બદલે તાત્કાલિક નજીકની હોસ્પિટલ અથવા સુરત સ્મીમેર તેમજ નવી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવે તો તુરંત સારવાર મળી શકે છે. વધુમાં જિગીષા પાટડિયાએ જણાવ્યું હતું કે, "ક્વોલિફાઈડ તબીબો પાસે સારવાર લેવી હિતાવહ છે. તબિયત વધુ ગંભીર બને તે પહેલાં નજીકના ક્વોલિફાઈડ અથવા નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવી જોઈએ. મેડિકલ અથવા ઘરમાં પડેલી જૂની દવા બાળકોને આપવાથી ગંભીર પરિણામ આવી શકે છે. હાલ વરસાદ બાદ મચ્છર જન્ય અને પાણી જન્ય રોગોમાં વધારો થયો છે. જેથી લોકોને અપીલ છે કે તેઓ પોતાના બાળકોને આવતી શરદી ખાંસી તાવ સહિત ઝાડા ઉલટી જેવા કેસોમાં તાત્કાલિક નજીકની ખાનગી અથવા તો સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવી જોઈએ."

# દહેજની કંપનીમાં ૨૧ દિવસમાં ધુમાડા સાથે આગની બીજી ઘટના

અંકલેશ્વર, તા.૧૮

દહેજ જીઆઈડીસીમાં આવેલી ઓર્ગેનિક્સ ઈન્ડિયા કંપનીમાં મંગળવારે વિસર્જનના દિવસે જ ધુમાડા સાથે આગની ઘટના ઘટતા દોડધામ મચી હતી. આગના ધુમાડા આકાશમાં દૂર દૂર સુધી દેખાતા ભયનો માહોલ ફેલાયો હતો. ગત ૨૭ ઓગસ્ટના રોજ પણ આ જ કંપનીમાં પ્રચંડ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. જેમાં ધુમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી દેખાવા સાથે વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. આજે ભભૂકી ઉઠેલી આગ અને ધુમાડામાં ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ કંપનીની આંતરિક ફાયર સિસ્ટમ દ્વારા આગ પર ગણતરીના સમયમાં કાબુ મેળવી લેવાયો હતો. આગના પગલે આ વખતે પણ કોઈ જાનહાનિ સર્જાઈ નથી. જોકે આગ ક્યાં કારણોસર લાગી તેનું કારણ પણ બહાર આવ્યું નથી. હાલ તો ઈન્ડસ્ટ્રીયલ સેફટી અને જીપીસીબીએ આગના કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે. માત્ર ૨૧ દિવસમાં જ આ કંપનીમાં આગની બીજી ઘટનાને લઈ સુરક્ષા સલામતી સામે પણ સવાલો ઉઠ્યા છે.

### દુબઈથી પરત ફરેલ યુવક કેરળનો રહેવાસી છે

# ભારતમાં દિલ્હી બાદ બીજો મંકીપોક્સનો કેસ નોંધાયો

## એમપોક્સના લક્ષણોને કારણે યુવક મલપ્પુરમ જિલ્લાના મંજરીની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ

નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં દિલ્હી બાદ બીજો મંકીપોક્સનો કેસ નોંધાયો છે. આરોગ્ય અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે કેરળના મલપ્પુરમમાં ૩૮ વર્ષીય વ્યક્તિમાં એમપોક્સના કેસની પુષ્ટિ થઈ છે. દુબઈથી પરત ફરેલા એક યુવકને એમપોક્સના લક્ષણોને કારણે કેરળના મલપ્પુરમ જિલ્લામાં મંજેરીની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

થોડા દિવસો પહેલા કેરળના મલપ્પુરમ જિલ્લામાં દુબઈથી પરત આવેલા એક વ્યક્તિમાં મંકી પોક્સ (MPOX) ના લક્ષણો જોવા મળ્યા હતા. જે બાદ યુવકને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. દિલ્હી પછી, કેરળમાં આ કેસ ભારતમાં આ રોગનો બીજો કેસ હશે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી વીણા જ્યોર્જે મંગળવારે માહિતી આપી હતી કે આ વ્યક્તિએ લક્ષણો જોયા બાદ પરિવારથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. તેમના નમૂનાઓ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા અને રિપોર્ટની રાહ જોવાઈ રહી હતી.

જિલ્લા આરોગ્ય અધિકારીના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિ તાજેતરમાં જ દુબઈથી કેરળ આવ્યો હતો અને બીમાર પડતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં તેને મંજેરી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો હતો. સંભવિત મંકીપોક્સ ચેપની શંકાને કારણે તેના નમૂનાઓ કોઝિકોડ મેડિકલ કોલેજમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

ગયા અઠવાડિયે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં મંકીપોક્સનો એક નવો કેસ નોંધાયો હતો. હરિયાણાના હિસારનો એક ૨૬ વર્ષીય વ્યક્તિ વાયરસથી સંક્રમિત થયો હતો અને તેને દિલ્હી સરકારની એલએનજેપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. નોંધનિય છે કે, મંકીપોક્સને લઈને ભારત સરકાર પહેલાંથી જ સાવચેતીના પગલા લઈ રહી છે. વિશ્વ આરોગ્ય સંગઠને (ડબલ્યુએચઓ) આના ફેલાવાની અસરને ધ્યાનમાં રાખીને આને આંતરરાષ્ટ્રીય ચિંતા જાહેર આરોગ્ય ઈમરજન્સી (PHEIC) જાહેર કર્યું છે. ડબલ્યુએચઓના અગાઉના નિવેદન અનુસાર, ૨૦૨૨ થી વૈશ્વિક સ્તરે ૧૧૬ દેશોમાં એમપોક્સના કારણે ૯૯,૧૭૬ કેસો અને ૨૦૮ મૃત્યુ નોંધવામાં આવ્યા છે. ગયા વર્ષે નોંધાયેલા કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે અને આ વર્ષે અત્યાર સુધી નોંધાયેલા કેસોની સંખ્યા ગયા વર્ષના કુલ સંખ્યાથી વધી ગઈ છે, જેમાં ૧૫,૬૦૦ થી વધુ કેસો અને ૫૩૭ મૃત્યુ સામેલ છે.

### ભાજપ દ્વારા સભ્યપદ અભિયાનની શરૂઆત

# દર્દીઓને પણ સભ્ય બનાવી દેવાનું ભાજપનું કૌભાંડ

## ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આડેધડ યેનકેન પ્રકારે સભ્યો બનાવવા માટે મથામણ કરી રહ્યા છે ક્યારેક વિદ્યાર્થીઓ તો ક્યારેક વાલીઓને સભ્યો બનાવ્યા

વિસનગર, તા.૧૮

ભાજપ દ્વારા સભ્યપદ અભિયાનની શરૂઆત કરવામાં આવી ત્યારથી સતત વિવાદો થઈ રહ્યો છે. ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આડેધડ યેનકેન પ્રકારે સભ્યો બનાવવા માટે મથામણ કરી રહ્યા છે. ક્યારેક વિદ્યાર્થીઓ તો ક્યારેક વાલીઓને સભ્યો બનાવ્યા અને હવે તો સિવિલ દર્દીઓને પણ સભ્ય બનાવવા લાગ્યા છે, ત્યારે વિસનગરના ધારાસભ્ય અને રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના વિસ્તારમાં જ દર્દીને ભાજપના સભ્ય બનાવાના કૌભાંડનો મોટો પર્દાફાશ થયો છે. જો કે, એક દર્દીની જાગૃતતા લીધે સમગ્ર પોલ ઉઘાડી પડી છે. વિસનગરના ચોંકાવનારા કિસ્સાની વાત કરીએ તો, વિકુંભા દરબાર પોતાની પત્નીને ઈંજેક્શન અપાવવા વિસનગર સિવિલ હોસ્પિટલમાં ગયા હતા. ત્યારે ત્યાં હાજર એક કર્મચારીએ તેમને પૂછ્યું હતું કે, શું તમારે ઈંજેક્શન લગાવવાનું છે? તો તેમણે હા પાડી હતી, ત્યારે તે કર્મચારીએ દર્દી પાસે મોબાઈલ પર ઓટીપી આવ્યો હશે તે આપવા કહ્યું. ત્યારે વિકુંભા દરબારના પત્નીએ સમજ્યા વિચાર્યા વિના ઓટીપી આપી દીધો હતો.

સિવિલના કર્મચારીએ ઓટીપી માંગ્યો હોવાની વાતની વિકુંભા દરબારને જાણ થતાં તેમણે પૂછ્યું હતું કે, શા માટે ઓટીપી માંગો છો? તે દરમિયાન તેમના મોબાઈલ પર ભાજપના સભ્ય બનાવવામાં આવ્યા હોવાનો મેસેજ આવતાં તેઓ ભડક્યા હતા અને તેમને અંધારામાં રાખીને પૂછ્યા વિના ભાજપના સભ્ય બનાવવાને લઈને હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ હાજર કર્મચારીએ ભૂલથી લેવાઈ ગયો હોવાની વાત કરી મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો.

કર્મચારીએ ભૂલ સ્વિકારી માગી માફી :વિકુંભા દરબારે સિવિલ હોસ્પિટલના આરએમઓની હાજરીમાં જ કર્મચારીનો ઉધડો લીધો, સાથે જ આરએમઓને પણ સવાલ કર્યા. ઓટીપી માગનાર કર્મચારીએ પહેલા તો કહ્યું કે અમે કોઈ પાસેથી બળજબરીપૂર્વક ઓટીપી લેતા નથી. પરંતુ વિવાદ વકરતા આખરે કર્મચારીએ ભૂલ સ્વિકારી હતી અને માફી માંગી હતી. સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થતા વિવાદ વધુ વકર્યો છે.

સિવિલ સુપ્રિટેન્ડેન્ટે કર્યો લૂલો બચાવ:આ સમગ્ર મામલે વિસનગર સિવિલ સુપ્રિટેન્ડેન્ટ પારુલ પટેલે લૂલો બચાવ કર્યો અને ઘટના અંગે તેમને કોઈ ફરિયાદ મળી નથી તેવો દાવો કર્યો. જો કે, આ ઘટનાનો વાયરલ વીડિયો જોયા બાદ તેમણે તપાસ કરાવી તો જાણવા મળ્યું છે કે જેણે ઓટીપી માગ્યો હતો તે હંગામી કર્મચારી છે. તેને નીરજ એજન્સી દ્વારા મુકવામાં આવ્યો હતો, વિવાદ વકરતા તે સિવિલમાંથી જતો રહ્યો છે. સાથે જ એજન્સીના અગ્રણીઓની પૂછપરછ કરી આગળની કાર્યવાહી કરાશે તેવી વાત કરી હતી.

ભાવનગરમાં પણ બન્યો આવો કિસ્સો : આવો જ એક ચોંકાવનારો કિસ્સો ભાવનગર શહેરમાંથી સામે આવ્યો છે. જેમાં '૧૦૦ સભ્યો બનાવો, ૫૦૦ રૂપિયા લઈ જાઓ'ની ઓફર આપવામાં આવી. સોશિયલ મીડિયામાં ભાવનગરનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં શહેરના વોર્ડ નં.૧૨ના ભાજપના નગરસેવક અને પૂર્વ સ્ટે.ચેરમેન યુવરાજસિંહ ગોહિલ લોકોને સદસ્યતા અભિયાન અંતર્ગત સભ્ય બનાવવાની સમજણ આપતાં નજરે પડે છે. જેમાં તેઓ જણાવે છે કે, સભ્ય બનાવતાં પૂર્વે જે-તે વ્યક્તિના મોબાઈલમાં ઓટીપી આવશે. તે વ્યક્તિ ઓટીપી આપે તો સભ્ય બનવા ઈચ્છુક છે, અન્યથા દબાણપૂર્વક સભ્ય ન બનાવવા.

વિદ્યાર્થીઓ-વાલીઓને પણ બનાવાયા સભ્યો?:આ અગાઉ સુરેન્દ્રનગરના અણીદ્રાની ખાનગી શાળાનો પણ વિવાદ સામે આવ્યો હતો. જેમાં ભાજપના શહેર પ્રમુખની આઈપીએસ શાળાના વિદ્યાર્થીઓને ભાજપના સદસ્ય બનાવ્યા હોવાના આક્ષેપ થયા હતા. તો વાલીઓને પણ આ પ્રકારના સભ્ય બનવા માટેના મેસેજની લિંક મોકલવામાં આવી હતી. જેથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ શાળાને નોટિસ ફટકારીને દોષિતો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે ભાજપ દ્વારા ચાલી રહેલાં સદસ્યતા અભિયાનમાં વધુમાં સભ્યો બનાવવાની હોડમાં કાર્યકરોથી લઈ હોદ્દેદારો અને પદાધિકારીઓ શામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે.

### વન નેશન વન ઈલેક્શન પર ખડગેનો અભિપ્રાય


# 'વન નેશન વન ઈલેક્શન' પ્રેક્ટિકલ નથી, તે નહિ ચાલે

નવી દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય કેબિનેટે 'વન નેશન વન ઈલેક્શન' પર પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિના અહેવાલને મંજૂરી આપી દીધી છે. કેબિનેટની બેઠકમાં આ અંગેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. હવે સમગ્ર દેશમાં તેના વિશે લોકોના અભિપ્રાય લેવામાં આવશે અને પછી તેને લાગુ કરવામાં આવશે. આ દરમિયાન વિપક્ષ તરફથી પણ પ્રતિક્રિયા આવવા લાગી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે 'વન નેશન વન ઈલેક્શન' પ્રેક્ટિકલ નથી, તે નહિ ચાલે. ચૂંટણી આવે ત્યારે તેઓ આ બધી વાતો કરે છે. પરંતુ દેશની જનતા પણ તેને સ્વીકારવાની નથી.

આ દરમિયાન AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, મેં 'વન નેશન વન ઈલેક્શન'નો સતત વિરોધ કર્યો છે. તે સંઘવાદનો નાશ કરે છે અને લોકશાહી સાથે સમાધાન કરે છે, જે બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે. તેમણે કહ્યું કે બહુવિધ ચૂંટણીઓ નરેન્દ્ર મોદી અને અમિત શાહ સિવાય કોઈ માટે સમસ્યા નથી. માત્ર એટલા માટે કે તેમને મ્યુનિસિપલ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં પણ પ્રચાર કરવાની સખત જરૂર છે. વારંવાર અને સમય સમય પર ચૂંટણી લોકશાહી જવાબદારીમાં સુધારો કરે છે. જ્યારે BSP વડા માયાવતીએ વન નેશન વન ઈલેક્શન પર સકારાત્મક વલણ અપનાવ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, 'વન નેશન વન ઈલેક્શન'ની વ્યવસ્થા હેઠળ દેશમાં લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એકસાથે કરાવવાના પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટે આજે આપેલી મંજૂરી અંગે અમારી પાર્ટીનું વલણ સકારાત્મક છે, પરંતુ તેનો ઉદેશ્ય દેશ અને જનતાના હિતમાં હોય તે જરૂરી છે.'

# અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું



કેન્દ્ર સરકારના જળ શકિત મંત્રાલયના પેય જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દર વર્ષે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલન દ્વારા 'સ્વચ્છતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જેના અનુસંધાને રાજય સરકાર દ્વારા દ્વારા તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા.૩૧ ઓકટોબર ૨૦૨૪ સુધી 'સ્વચ્છતા હી સેવા – ૨૦૨૪' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનની મુખ્ય થીમ '' સ્વભાવ સ્વચ્છતા – સંસ્કાર સ્વચ્છતા'' રાખી ગ્રામ્ય જીવનને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા ઝુંબેશ હાથધરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છ ભારત અભિયાન (ગ્રામીણ) અંતર્ગત અમરેલી જિલ્લાના બાબરા, રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામજનોએ અને સ્વચ્છ ભારત મિશન ગ્રામિણના કર્મયોગીઓએ સાથે મળીને ગામના રસ્તાઓ, શેરીઓ અને જાહેર સ્થળોની સફાઈ કરી અને ગ્રામજનોને આંગણું, ફળીયું, શેરી અને પાદરને સ્વચ્છ રાખવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમ ફકત સરકારી કાર્યક્રમ બની ન રહેતા સાચા અર્થમાં જન ભાગીદારીથી ગામડુ ખરેખર કાયમી ધોરણે સ્વચ્છ અને સ્વસ્થ બને, લોકો સ્વચ્છતાના આગ્રહી બને, વર્ષોથી એકઠો થયેલ કચરો કાયમી ધોરણે નિકાલ થઈ એ જગ્યા પર વૃક્ષારોપણ થાય, ગામમાં કાયમી ધોરણે પ્લાસ્ટીકનો ઉપયોગ સદંતર બંધ થાય, ઉકરડાનો નિકાલ થાય, પાણી ભરાઈ રહેતા ખાડા ખાબોચીયાનો નિકાલ થાય, ગામ સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળુ બની રોગચાળા મુકત બને તે બાબતને દયાનમાં રાખી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## અવસાન નોંધ



**અમરેલી :** અમરેલી નિવાસી ડો. ભુપતરાય મણીશંકર જાની (ઉ.વ. ૭૬) (નિવૃત્ત મેડીકલ ઓફીસ) તે જીજ્ઞેશભાઈનાં પિતાજીનું તા. ૧૬/૯ સોમવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૯/૯ ગુરૂવારનાં રોજ સાંજનાં ૪ થી ૬ સુધી તેમનાં નિવાસ સ્થાન સુખનાથપરા, શેરી નં. ૧, ડંકીની સામે અમરેલી ખાતે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૭ | ૧૬૫૩ |
| ૨ | તલ સફેદ | ૨૨૭૫ | ૨૫૭૫ |
| ૩ | મગ | ૧૪૪૫ | ૧૬૪૫ |
| ૪ | અડદ | ૧૩૯૦ | ૧૬૨૦ |
| ૫ | જીરૂ | ૪૦૭૦ | ૪૬૮૦ |
| ૬ | ઘઉં | ૫૧૧ | ૫૨૯ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૪ | ૧૦૪૨ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૪૯ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૫૧ | ૧૩૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૧૩ |
| ૫ | તલ કાળા | ૨૫૩૦ | ૩૮૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૪૫ | ૩૩૯૫ |
| ૭ | બાજરો | ૪૨૫ | ૪૮૪ |
| ૮ | જુવાર | ૩૨૦ | ૪૧૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૯ | ૬૩૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૨ | ૫૮૭ |
| ૧૧ | મગ | ૧૫૦૫ | ૧૫૮૦ |
| ૧૨ | અડદ | ૧૧૧૦ | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૧૨૨૫ | ૧૩૪૮ |
| ૧૪ | તુવેર | ૧૦૨૦ | ૧૮૦૦ |
| ૧૫ | કપાસ | ૧૦૭૦ | ૧૬૩૮ |
| ૧૬ | જીરૂ | ૪૨૬૦ | ૪૮૦૦ |
| ૧૭ | રાયડો | ૧૦૨૭ | ૧૦૫૫ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૨૯૫ |
| ૧૯ | સોયાબીન | ૭૭૦ | ૮૮૬ |
| ૨૦ | રજકાનુ બી | ૪૫૦૦ | ૪૫૦૦ |
| ૨૧ | કાંગ | ૧૦૮૫ | ૧૦૮૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## વલારડી ગામની

તથા રણછોડભાઈ વશરામભાઈ કુકડીયા, હિમ્મતભાઈ ધનજીભાઈ રાઠોડ, રાજેશભાઈ મોહનભાઈ રાઠોડ (રહે. કાચરડી, તા. લાઠી) તથા મયુરભાઈ હરસુરભાઈ ડેર (રહે. મોણપુર, તા. અમરેલી) સહિત છ ઈસમો વલારડી ગામની તળાવી તરીકે ઓળખાતી સીમમાં આવેલ જીવરાજભાઈ ઉકાભાઈ કાવઠીયાની વાડી પાસે જાહેરમાં પૈસા–પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં હોય. આ અંગે અમરેલી એલ.સીબી.ને બાતમી મળતાં રોકડા રૂપિયા ૧૭,૮૦૦ નાં મુદ્દામાલ સાથે તમામ ઈસમો ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાનાં રફાળા ગામે

તરફ લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો. હાલમાં ચાલી રહેલ ખેડૂતોની ખેતીની સિઝનના હિસાબે ખેડૂતોને પોતાના ખેતરોમાં કામ કાજ અર્થે જવું પડતું હોય છે. ત્યારે અહીં રહેતા ખેડૂતોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. જો આ વન્ય પ્રાણીઓ ગામના પાદર સુધી ઘુસીને ગાયનું મારણ કરતા હોય તો ખેડૂતોને તો પોતાની વાડીઓમાં કામ કાજ અર્થે ફરજિયાતપણે જવું પડતું હોય છે. તો અહીંયા રહેતા ખેડૂતો દ્વારા વનવિભાગને વિનંતી સાથે અરજ કરવામાં આવી છે કે અહીંયા રહેતા આ સિંહ તેમજ બીજા અન્ય હિંસક પ્રાણીઓને આ ગામની હદમાંથી દૂર કરવામાં આવે જેથી ખેડૂતો ભયમુકત રહી ખેતી કરી શકે અને લોકો પણ ભય મુકત રહી ગામમાં ગમે ત્યારે બહાર નીકળી શકે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૧ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૩ | ઘઉં | ૫૨૬ | ૫૫૦ |
| ૪ | ચણા | ૧૧૫૧ | ૧૪૨૫ |
| ૫ | ધાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૬૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૧ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૨૫ |
| ૩ | શીંગ નવી | ૬૫૧ | ૮૩૨ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૮૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૫૦૧ |
| ૬ | જીરૂ | ૩૭૦૦ | ૪૫૨૦ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૬૭૫ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૧ |
| ૧૦ | બાજરો | ૪૪૨ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૪૮૩ | – |
| ૧૨ | મકાઈ | ૬૨૦ | – |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૧૪ | મેથી | ૮૩૦ | – |
| ૧૫ | ધાણા | ૧૧૩૦ | – |
| ૧૬ | સોયાબીન | ૭૫૫ | ૮૬૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૬૫૧ |
| ૨ | કપાસ | ૧૪૫૧ | ૧૬૫૧ |
| ૩ | બાજરો | ૪૮૬ | ૫૨૭ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૧૫ |
| ૫ | જુવાર | ૬૬૧ | ૮૫૦ |
| ૬ | મગ | ૧૩૬૦ | ૧૪૦૦ |
| ૭ | ચણા | ૧૨૫૦ | ૧૨૫૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૯ | ૫૫૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૫૦ |
| ૪ | બાજરો | ૩૯૦ | ૪૦૦ |
| ૫ | ચણા | ૧૧૨૦ | ૧૩૪૦ |
| ૬ | અડદ | ૧૪૯૦ | ૧૭૧૧ |
| ૭ | સોયાબીન | ૮૬૮ | ૮૮૬ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૯ | તલ સફેદ | ૨૩૧૫ | ૨૪૯૦ |
| ૧૦ | એરંડી | ૧૧૫૦ | ૧૧૯૦ |
| ૧૧ | મગફળી | ૪૭૫ | ૫૦૦ |

## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે ગામ ઉટવડની ખેતીની જૂની શરતની જમીન નીચેની વિગતે આવેલ છે.

| માલીકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી | આકાર |
|---|---|---|---|---|
| અશોકભાઈ રવજીભાઈ કોદાળા, વિ. ૬ | ૧૩૬૪ | ૧૩૩૨ જુનો સર્વે નં.૩૯૪ પૈકી ૫ | ૧–૯૮–૧૮ | ૧૫.૯૫ |

સદરહુ જમીન ઉપરોકત વિગતે શ્રી અશોકભાઈ રવજીભાઈ કોદાળા, વિ. ૬ ની સંયુકત માલિકી, કબજા અને ભોગવટાની આવેલ છે. સદરહું જમીન સદરહું માલિકને દસ્તાવેજથી ખરીદ કરેલ હતી. જે સદરહું જમીન મારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

સબબ આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૧૦ (દસ)માં સદરહું જમીન પ્રત્યે જે કોઈનો ગીરો, બોજો, લિયન વારસાઈ હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, બક્ષિસ, વેંચાણ, સાટાખત, હક્ક અધિકાર, ભરણ–પોષણનો હક્ક, અધિકાર વિગેરે હોય તો લેખિત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. અગર જો નોટિસ સમય દરમ્યાન કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો જે કોઈનો હક્ક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુદ્ધિના ખરીદનાર તરીકે વ્યવહારની આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ આવેલ વાંધોઓ મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૧૯/૦૭/૨૦૨૪
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે
મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ)**

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં તરૂણ સાથે

રહેતા એક ૧૧ વર્ષ અને ૧ માસની ઉંમર ધરાવતા તરૂણ સાથે અમરેલીમાં રહેતા આરોપી નિલેશ ઉર્ફે નીલો મગનભાઈ થળેસાએ ગત તા. ૨૨/૪/૨૨ નાં રોજ બપોરનાં સમયે પોતાની અકુદરતી વાસનાનો ભોગ બનાવવા સારૂ તરૂણનું અપહરણ કરી પોતાના મકાનમાં લઈ જઈ આરોપીએ તરૂણ સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરેલ હતું. આ બનાવની જાણ તરૂણની માતાને થતાં તરૂણની માતાએ આરોપીને ઠપકો આપવા જતાં આરોપીએ તેણીને પણ ગાળો આપી અને આ બનાવ અંગે જો કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવ ધ્વારા આ બનાવના આરોપી નિલેશ ઉર્ફે નીલો મગનભાઈ થળેસાને ૨૦ વર્ષની સખ્ત કેદ અને રૂપિયા ૩૧ હજારનાં દંડની સજાનો હુકમ કર્યો હતો. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા પણ આદેશ કર્યો હતો.

## જાહેર નોટિસ

ગુજરાત રાજયનાં અમરેલી જીલ્લા નાં તાલુકાનાં અમરેલી ગામે સુધરાઈ હદમાં ચિતલ રોડ રસ્તે 'ગુરૂકૃપાનગર'માં આવેલ રહેણાકીય મકાન જેની વિગત નીચે મુજબ છે.

| રેવન્યુ સર્વે નં. | પ્લોટ નં. | હેતુ / વપરાશ | ચોરસ મીટર | બાંધકામના ચોરસમીટર |
|---|---|---|---|---|
| ૩૫ પૈકી | ૧૨૩ પૈકી | રહેણાંક | ૬૩.૧૨ | ૭૫.૭૪ |

ઉપરોકત મીલ્કત પર ધીરાણ મેળવવા માંગતા હોય તે પહેલા આ જાહેર નોટિસ આપી જણાવવાનું કે :–

ઉપરોકત મીલ્કત સ્વ. વાઘજીભાઈ માવજીભાઈ કાથરોટીયાનાં વારસદારો (૧) વલ્લભભાઈ વાઘજીભાઈ કાથરોટીયા, (૨) નરભેરામભાઈ વાઘજીભાઈ કાથરોટીયા, (૩) વિઠ્ઠલભાઈ વાઘજીભાઈ કાથરોટીયા, (૪) ગીરધરભાઈ વાઘજીભાઈ કાથરોટીયા, આમ નં.૨ પોતે જાતે તથા નં.૧,૩ અને ૪ નાં કુલમુખત્યાર દરજ્જે રહીને તેઓ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૮૯૧, તા.૧૯/૦૪/૨૦૦૩ (૧) મહેશકુમાર ચંન્દુલાલ અઢીયા અને (૨) રાજેશ્રીબેન મહેશકુમાર અઢીયા એ ખરીદ કરેલ અને ત્યારબાદ તેમની પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૨૯૪૪ થી તા.૧૩/૦૮/૨૦૧૪ થી જયશ્રીબેન તરૂણકુમાર ભિમજીયાણી એ ખરીદ કરેલ છે. આમ જયશ્રીબેન તરૂણકુમાર ભિમજીયાણી સદરહું મીલ્કતનાં માલીક બનેલ અને તેઓનાં કબ્જા ભોગવટામાં સદર મિલ્કત આવેલ છે. આ ઉપરોકત દસ્તાવેજો પૈકી અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૮૯૧, થી તા.૧૯/૦૯/૨૦૦૩ ના રોજ (૧) મહેશકુમાર ચંન્દુલાલ અઢીયા અને (૨) રાજેશ્રીબેન મહેશકુમાર અઢીયાએ ખરીદ કરેલ છે તે અસલ વેચાણ દસ્તાવેજ ખોવાઈ ગયેલ હોય અસલ દસ્તાવેજ હાલનાં માલીકને મળી આવતો ન હોય ગુમ થયેલ છે. આ રીતે અસલ વેચાણ દસ્તાવજે હસ્તગત ન હોય, અને હાલનાં માલીકે પણ ઘણી શોધખોળ કરવા છતા તેમને મળી આવેલ નથી અને તેમણે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં તા.૧૬/૦૯/૨૦૨૪ ના રોજ અરજી કરેલ છે. તથા અમોનાં અસીલ સદર મિલ્કત તારણમાં મુકી ધીરાણ મેળવવા માંગતા હોય અને તેનું ટાઈટલ ચકાસવા તે અંગેની કાર્યવાહી કરવા જણાવેલ છે.

આ ઉપરોકત મીલ્કત પરત્વે જો કોઈ બેંક, નાણાકીય સંસ્થા, વ્યકિત, વ્યકિતઓ, પેઢી, સંસ્થા કે અન્ય કોઈને સદરહું મીલ્કત પર કોઈપણ પ્રકારો હકક, હિત, હિસ્સો, કે લીયન, ચાર્જ, બોજો હોય તો નોટિસ પ્રસિધ્ધ થયાનાં દિવસ–૭ ની અંદર તેનાં તમામ દસ્તાવેજી આધાર પુરાવા સાથે અમોને રજીર્સ્ટડ એ.ડી.પોસ્ટ થી જાણ કરવી જો નિયત સમયમાં કોઈપણ તરફથી વાંધા કે તકરાર રજુ કરવામાં નહી આવે તો તે વાંધો કે તકરાર જતા (WAIVE) કરેલ છે. ટાઈટલ ચકાસવા અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતાઓ એ નોંધ લેવી.

**અમારા મારફત અસીલની સુચના અનુસાર**

તારીખ :– ૧૮/૦૯/૨૦૨૪
ઓફીસ, ઓફીસ નં.૩૦૪ ત્રીજામાળે,
સુવર્ણદીપ કોમ્પ્લેક્ષ, વાઘાવાડી રોડ,
ભાવનગર.

**રાજેશ ડી. પરમાર**
**(એડવોકેટ)**

## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**રૂબરૂ સુનાવણી નોટિસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૬/૨૦૨૪ તા.૧૧/૦૯/૨૦૨૪

અરજદારશ્રી : ૧. શ્રી જીવરાજભાઈ ભીખાભાઈ મકવાણા
મુ. કોલડા, તા. વડીયા, જી. અમરેલી.

**એડવોકેટ : યોગેશ ડી. દવે મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**::– વિરૂધ્ધ –::**

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી કોલડા, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અનવયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટિસ**

આથી તમો પક્ષકારોને આ નોટિસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના **પુત્રીશ્રી રેખાબેન જીવરાજભાઈ મકવાણાનો જન્મ તા.૦૫/૦૭/૨૦૦૩ ના રોજ મુ. કોલડા, તા.વડીયા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર–પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોનાં સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોનાં સોગંદનામાં સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકનાં રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબનાં ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ–મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**નોંધ : (૧) વર્ષ :– ૨૦૦૨ થી ૨૦૦૪ સુધીનું રેકર્ડ રજુ કરવું.**

**મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**રૂબરૂ સુનાવણી નોટિસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૭/૨૦૨૪ તા.૧૧/૦૯/૨૦૨૪

અરજદારશ્રી : ૧. શ્રી જીવરાજભાઈ ભીખાભાઈ મકવાણા
મુ. કોલડા, તા. વડીયા, જી. અમરેલી.

**એડવોકેટ : યોગેશ ડી. દવે મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**::– વિરૂધ્ધ –::**

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી કોલડા, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અનવયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટિસ**

આથી તમો પક્ષકારોને આ નોટિસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના **પુત્રશ્રી કેવલ જીવરાજભાઈ મકવાણાનો જન્મ તા.૧૪/૦૪/૨૦૦૭ ના રોજ મુ. કોલડા, તા.વડીયા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર–પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોનાં સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોનાં સોગંદનામાં સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકનાં રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબનાં ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ–મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**નોંધ : (૧) વર્ષ :– ૨૦૦૬ થી ૨૦૦૮ સુધીનું રેકર્ડ રજુ કરવું.**

**મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**રૂબરૂ સુનાવણી નોટિસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૫/૨૦૨૪ તા.૧૧/૦૯/૨૦૨૪

અરજદારશ્રી : ૧. શ્રી જીવરાજભાઈ ભીખાભાઈ મકવાણા
મુ. કોલડા, તા. વડીયા, જી. અમરેલી.

**એડવોકેટ : યોગેશ ડી. દવે મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**::– વિરૂધ્ધ –::**

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી કોલડા, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અનવયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટિસ**

આથી તમો પક્ષકારોને આ નોટિસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના **પુત્રશ્રી દર્શનકુમાર જીવરાજભાઈ મકવાણાનો જન્મ તા.૨૨/૦૧/૨૦૦૫ ના રોજ મુ. કોલડા, તા.વડીયા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર–પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોનાં સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોનાં સોગંદનામાં સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકનાં રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબનાં ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ–મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**નોંધ : (૧) વર્ષ :– ૨૦૦૪ થી ૨૦૦૬ સુધીનું રેકર્ડ રજુ કરવું.**

**મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**રૂબરૂ સુનાવણી નોટિસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૭/૨૦૨૪ તા.૧૧/૦૯/૨૦૨૪

અરજદારશ્રી : ૧. શ્રી વિનુભાઈ કાનજીભાઈ સાવલીયા
મુ. માયાપાદર, તા. વડીયા, જી. અમરેલી.

**એડવોકેટ : યોગેશ ડી. દવે મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**::– વિરૂધ્ધ –::**

સામાવાળા : ૧. તલાટી કમ મંત્રીશ્રી માયાપાદર, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અનવયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટિસ**

આથી તમો પક્ષકારોને આ નોટિસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી પોતે **શ્રી વિનુભાઈ કાનજીભાઈ સાવલીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૭ ના રોજ મુ. માયાપાદર, તા.વડીયા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.


આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર–પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોનાં સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોનાં સોગંદનામાં સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકનાં રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબનાં ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ–મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**નોંધ : (૧) વર્ષ :– ૧૯૬૬ થી ૧૯૬૮ સુધીનું રેકર્ડ રજુ કરવું.**

**મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

# અમરેલી ખાતે નરેન્દ્ર મોદી વિચારમંચ દ્વારા પ્રધાનપંત્રી નરેન્દ્ર મોદીનાં જન્મ દિનની ઉજવણી






અમરેલી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ નાં રોજ નરેન્દ્ર મોદી વિચાર મંચ અમરેલી દ્વારા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નાં જન્મદિવસ ની ઉજવણી મુક – બધીર શાળા ખાતે કરવામાં આવી. આ તકે ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક અને લોક લાડીલા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયાની ખાસ ઉપસ્થિતિ રહી હતી. શાળાનાં બાળકો અને ઉપસ્થિત મહેમાનોએ કેક કાપી નરેન્દ્રભાઈ ના જન્મદિવસની ઉજવણી કરી હતી. આ શુભ અવસરે ૭૪ વર્ષ પુર્ણ થતાં ૭૪ મુક– બધીર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. લોક લાડીલા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાએ આ મુક બધિર બાળકોની વચ્ચે જઈને તેમની સાથે હાથ મિલાવીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. મંચ પરિવારના મનિષભાઈ સિધ્ધપુરા, મનોજભાઈ વાળા, જયદીપભાઈ નાકરાણી, દિનેશભાઈ કનાડીયા, પ્રશાંત પરમાર, દીલીપભાઈ જાદવ, હાર્દિકભટ્ટ, સહાદેવભાઈ મકવાણા, અજયભાઈ રાઠોડ, ધર્મેશજોષી, મયુરભાઈ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી તેમ યજ્ઞેશ કારેલીયા અને સચીન કવાની સંયુક્ત યાદીમા જણાવેલ છે.

### અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનાં સી.એસ.આર વિભાગ દ્વારા

## જાફરાબાદનાં મીતીયાળા ખાતે કિશોરી સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### ધો. ૬ થી ૧૨ની ૯૨ કિશોરીઓ ઉપસ્થિત રહી



તસ્વીર : વાઘ સુમરા – કોવાયા

કોવાયા, તા. ૧૮

અલ્ટ્રાટેક ગુજરાત સિમેન્ટ વર્કસના સી.એસ.આર. વિભાગ દ્વારા મહિલા ઉન્નતી અંતર્ગત હંમેશા પ્રયત્નશીલ રહે છે. આર્થિક સ્વાવલંબનસ સાથે સાથે મહિલા સ્વાસ્થ્ય અંગે પણ વારંવાર વિવિધ જાગૃતતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મહિલા સ્વાસ્થ્યને લઈ હિમોગ્લોબીન ચેકપ એડોલેસ્કેન્ટ હેલ્થ અવેરનેસ તથા મહિલા ડોકટર દ્વારા વિવિધ પ્રકારના કેમ્પ અને જાગૃતતા કાર્યક્રમ દ્વારા બહેનોને સજાગ કરવાનો પ્રયત્ન રહે છે. તે અંતર્ગત અલ્ટ્રાટેક ગુજરાત સિમેન્ટ વર્કસના સી.એસ.આર વિભાગ દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય મીતીયાળા ખાતે ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કિશોરીઓમાં થતા ફેરફાર અંગે જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સી.એસ.આર. ટીમમાંથી ઈશાબેન દેસાઈ અને ઉદધવી બેન પરીખ દ્વારા ધોરણ ૬ થી ૧૨ની ૯૨ કિશોરીઓને કિશોરવસ્થામાં થતા ફેરફારો તેમજ માસિકધર્મ અંગે લગતી કૂમાન્યતાઓ ખોટા રીત રિવાજો અંગે સમજાવવામાં આવ્યું. સાથે સાથે કિશોરઅવસ્થા દરમિયાન શારીરિક અને માનસિક ફેરફાર તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું. કિશોરીઅવસ્થા દરમિયાન લેવામાં આવતો આહાર સંપૂર્ણ આહાર હોવો જરૂરી છે. પૌષ્ટિક આહાર લેવાના કારણે ભવિષ્યમાં થતા એનેમિયા જેવા રોગોને અટકાવી શકાય છે. સાથે શારીરિક સ્વચ્છતા પર પણ ભાર મુકવામાં આવ્યો. જેના કારણે ભવિષ્યમાં માતા બનનારી કિશોરીઓ વિવિધ રોગોથી બચી શકે. સાથે બદલાતા ફેરફારો સ્વીકારવા જેવા કે સેનેટરી પેડનો ઉપયોગ વધારવો અસામાન્ય પરિસ્થિતિમાં મહિલા ડોકટરનો સંપર્ક કરવો સરકાર દ્વારા આપવામાં આવતી એનેમિયા અને ફોલિક એસિડની દવાઓનો યોગ્ય ઉપયોગ કરવો સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવવા વ્યાયામ અને પ્રાણાયમ પર ભાર મુકાયો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના સહાયક અધ્યાપકો વોડર રાઠોડ પુષ્પાબેન, કિરણબેન વઢવાળા તથા પડિયા નીરૂપાબેનનો ભરપુર સહયોગ રહ્યો, સાથે સાથે સી.એસ.આર. વોલેન્ટર ભાવના સાંખટ તથા સમગ્ર સી.એસ.આર. ટીમનો અથાક પ્રયાસ રહ્યો.

## ન તો ઘર, ન જમીન, ન કોઈ ઘરેણાં, છતાં દિલ્હીના નવા સીએમ આતિશી છે કરોડપતિ

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલી આતિશી માર્લેના પાસે ન તો પોતાનું ઘર છે કે ન તો તેમના નામે કોઈ જમીન નોંધાયેલી છે. જો કે, ૨૦૨૦ની ચૂંટણીની એફિડેવિટ મુજબ, આ છતાં તેમની પાસે ૧ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે.દિલ્હીના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી છે. મંગળવારે આતિશી માર્લેનાને ધારાસભ્ય દળના નવા નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ પહેલા આજે આમ આદમી પાર્ટીની ધારાસભ્ય દળની બેઠકમાં બે નામો પર ચર્ચા થઈ રહી હતી, જેમાં આતિશી સિવાય કૈલાશ ગેહલોતનું નામ મોખરે હતું, પરંતુ બેઠક દરમિયાન આતિષીનું નામ ફાઈનલ કરવામાં આવ્યું હતું. જો આપણે વિદેશી શિક્ષિત નવી દિલ્હીના સીએમ આતિશીની નેટવર્થ વિશે વાત કરીએ તો તે ૧ કરોડ રૂપિયાથી વધુ છે. અમને જણાવો કે તેમની પાસે શું છે? આતિશી માર્લેનાએ દિલ્હીના કાલકાજી દક્ષિણથી ચૂંટણી જીતી હતી. તેમની સંપત્તિ વિશે વાત કરીએ તો, સ્અદ્રીફ્ટ પર શેર કરાયેલ ચૂંટણી એફિડેવિટ અનુસાર, તેમની પાસે ૧.૪૧ કરોડ રૂપિયાની સંપત્તિ છે, જ્યારે દિલ્હીના કરોડપતિ મંત્રી હોવા છતાં, તેમની પાસે કોઈ જવાબદારી નથી. ૨૦૨૦ની દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન તેમણે ચૂંટણી પંચ સમક્ષ સંપત્તિની વિગતો રજૂ કરી હતી. તેણે જણાવ્યું હતું કે તેની પાસે લગભગ ૩૦,૦૦૦ રૂપિયા રોકડ છે, જ્યારે બેંક ડિપોઝિટ અને એફડી કુલ ૧.૨૨ કરોડ રૂપિયા છે. દિલ્હીના નવા મુખ્યમંત્રી બનવા જઈ રહેલી આતિશીની મોટાભાગની સંપત્તિ તેના બેંક ખાતા અને ફિક્સ ડિપોઝિટમાં છે, જ્યારે કરોડપતિ હોવા છતાં તેણે શેરબજાર કે બોન્ડ માર્કેટથી અંતર જાળવી રાખ્યું છે. આતિશીએ શેરમાં કોઈ રોકાણ કર્યુ નથી. જોકે તેણે એલઆઈસીનો પ્લાન લીધો છે. તેમના નામે ૫ લાખ રૂપિયાની હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી છે. ૨૦૧૨માં ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ દરમિયાન રાજકારણમાં પ્રવેશનાર આતિશી માર્લેના આમ આદમી પાર્ટીના સ્થાપક સભ્યોમાંથી એક છે. તે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પૂર્વ દિલ્હી બેઠક પરથી પણ ઉમેદવાર હતી, પરંતુ તે ભાજપના ગૌતમ ગંભીર દ્વારા પરાજય પામી હતી.

## ચિત્ર – (લાઘવિકા)
### દીપ્તિ પી. રાવલ

ચિત્રાનાં એના પગ એકાએક અટકી ગયા. ચિત્ર સારૂ હતું. મજાનું હતું. નદીનો લીલોછમ કાંઠો હતો. થોડેક ઊંચેથી ધોધ પડતો હતો. ચિત્રાએ બરાબર ચિત્ર જોયું. નદી અને ધોધ જાણીતા હતા.

અરે..! આ નદી તો હર્ષિલના ગામની નદી છે.ત્યારે હર્ષિલ તેની સાથે હતો. એણે કહેલું ચિત્રા આઈ લવ યુ. હું તારી યાદમાં એક અદભુત ચિત્ર બનાવીશ. ત્યારે ચિત્રાએ કંઈ જવાબ નહોતો આપ્યો. પછી તો વર્ષોના વહાણા વાઈ ગયા. હર્ષિલ મળ્યો જ નહિ. ચિત્રની નીચે ચિત્રકારનું નામ જોયું. એચ. લખેલ હતું. તો શું આ ચિત્ર હર્ષિલે જ બનાવ્યું હશે.?

એક સરસ શો રૂમમાં લગાડેલું હતું એ ચિત્ર હતું. ત્યાં રહેલા માણસને ચિત્રાએ પૂછયું : આ ચિત્ર કયાંથી ખરીદ્યુ ?

"ખરીદ્યું નથી. અમારા માલિક ચિત્રકાર છે. એણે જ ડ્રોઈંગ કરેલ છે."

"કોણ ?" ચિત્રાએ પૂછયું. 'હર્ષિલ શેઠ.."


"કયાં છે એ..? મારે મળવું છે."

" જેની યાદમાં આ ચિત્ર બનાવ્યું.પછી એની જ યાદમાં એ તો.. ચિત્ર પૂરૂ કરીને, એની સામે જોતા જોતા જ તેને આંખો મીચી દીધી."

"હે.. ?" ચિત્રા ચિત્રની સામે જોઈ રહી.

દીપ્તિ પી.રાવલ. ઉપલેટા. જિ; રાજકોટ.

## માવતરનું કેમ શ્રાધ્ધ કરશો ?



જીવતાં હશે તેઓ ત્યારે જો આઘાત કરશો
મર્યા પછી એ જ માવતરનું કેમ શ્રાધ્ધ કરશો ?
બોલતાં શીખવાડયું જેણે એને ના કરજો મૌન
જાતે જાતને નહીં તો પછી કેમ માફ કરશો ?
મંદિરની મા ને ઔઢાડજો ચુંદડી અચૂક પણ
ઘરના મા ને પણ નવી સાડીથી આબાદ કરજો
મા નો ખોળો અભય છે, બાપનો ખભ્ભો ઓથ
એ મર્યા પછી શું અરૂણ્ય રૂદનનાં જાપ કરશો ?
મૂકશો વૃદ્ધાશ્રમે તો ભાવિએ જશો અનાથાશ્રમે
માવતરને તિરસ્કૃત કરવાનું ના એવું પાપ કરશો
શ્રવણ ન બની શકો તો છેવટે રોડવી તો લેજો જ
ચામડીનાં જોડાંથી ન ઉતરે એ શ્રણમાં કાપ કરજો
હેતુ વિનાનાં હેતનેં, પોંખી લ્યો જીવતાં ભગવાનને
મર્યા પછી એ માવતરને બસ ફોટામાં યાદ કરજો.

**મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### દિવાળીના તહેવાર દરમિયાન

## લાઠી સબ ડિવિઝનમાં ફટાકડાનું વેચાણ કરવા પરવાનગી મેળવવા માટે તા. ૨૭ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૧૮

રાજય સરકારની માર્ગદર્શિકાઓને અનુસરીને આ વર્ષે આગામી સમયમાં આવનારા દિવાળીનાં તહેવાર દરમિયાન લાઠી સબ ડિવિઝનમાં આવેલા લાઠી અને બાબરા તાલુકામાં હંગામી/ટેમ્પરરી, દાઢખાનું/ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય તેઓએ લાઈસન્સ મેળવવા અરજી કરવી.

હંગામી/ ટેમ્પરરી, દાઢખાનું/ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય તેમણે સુરક્ષિત મકાનમાં રક્ષિત કે ધંધાથી ૫૦ (પચાસ) મીટર દૂર સળગી ન ઉઠે તેવા સિમેન્ટનાં પતરા, ગેલ્વેનાઈઝનાં પતરાનાં ત્રણ બાજુથી બંધ હોય તેવા કામચલાઉ શેડ નકકી કરવામાં આવે તે જગ્યા પર ઉભા કરી તેમાં દાઢખાનું રાખવા તથા વેચાણ કરવા માટે ફોર્મ.નં.એ.ઈ.૦૫માં અરજી કરી નમૂના. નં. એલ. ઈ. ૦૫માં લાઈસન્સ મેળવવું ફરજિયાત છે.આ લાઈસન્સ મેળવવા માંગતા હોય તેમણે ફોર્મ.નં.એ.ઈ.– ૦૫માં નિયત નમૂનામાં લાઠી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટને તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં જરૂરી આધાર જોડીને ત્રણ નકલમાં અરજી કરવી. અરજી સાથે અરજી ફોર્મ.નં.એ.ઈ.૦૫માં નિયત નમૂનામાં જ કરવી. અરજીમાં સંપૂર્ણ વિગતો સુવાચ્ય અને સચોટ રીતે ભરવી. અરજી ઉપર અરજદારએ, પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો એક ફોટોગ્રાફ અચૂક લગાડવો. અરજી પર રૂ.૩.૦૦ની કોર્ટ ફી સ્ટેમ્પ અચૂક લગાડવી. અરજી સાથે લાઈસન્સ ફી – રૂ.૯૦૦/– (નવ સો) '૦૦૭૦–૬૦–૧૦૩–૦૦ (અન્ય વહીવટી સેવાઓ, રિસિપ્ટ અંડર એક્સ્પ્લોઝિવ્સ એકટ વિગેરે)' સદરે ચલણથી સરકારમાં જમા કરાવી અસલ ચલણ ફરજિયાત સાથે સામેલ રાખવું. સૂચિત સ્થળનાં બ્લુ પ્રિન્ટ નકશામાં અરજદારએ સહી કરી અરજી સાથે ૦૩(ત્રણ) નકલમાં સામેલ રાખવા.સૂચિત સ્થળ માલિકી / ભાડા હક્ક ધરાવતાં હોવા અંગેનાં આધાર પુરાવાઓ બિનચૂક સામેલ રાખવા. અધૂરી વિગતો કે સમય મર્યાદા વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ, તેમ લાઠી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રૂા. ૧.૨૦ લાખ સુધીની સહાય

અમરેલી, તા.૧૮

રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગૈશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળ ખાકિય સુવિધા માટે સંસ્થાઓ–ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જઢરી જીવામૃત–ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરૂરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શક્તિ નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે યોજના અન્વયેની જરૂરી વિગતો મુજબ, સખી મંડળો અથવા ખેડૂત ગ્રુપને ૫૦ ટકા સુધીની સહાય રૂા. ૬૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે. જેમાં જીવામૃત બનાવવા માટે એચડીપીઈ ટાંકી ૫,૦૦૦ લિટરની ક્ષમતાની બનાવવાની રહેશે. ઘન જીવામૃત બનાવવા માટે પાકું મજબૂત ૨૦૦ ચોરસફુટનું ભોંયતળિયું બનાવવાનું રહેશે. ઉપરાંત પ્લાસ્ટિકના ૨૦ લીટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળખાકીય સુવિધાઓને સાંકળી લેવાની રહેશે. ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓએ પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત– ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળ ખાકીય સુવિધા માટે ૧૦,૦૦૦ લિટરની ક્ષમતા વાળી ટાંકી, ૪૦૦ ચોરસફૂટનું પાંકુ ભોંયતળિયું વગેરે માળ ખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું. આ માટે ૫૦ ટકા અથવા રૂા. ૧.૨૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે. વધુ જાણકારી માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેકટની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજયના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

# બાબરા ખાતે વિહિપ દ્વારા ષષ્ઠીપૂર્તિ સમારોહ અંતર્ગત બેઠક યોજાઈ








તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા નિલકંઠ મહાદેવ મંદિર(બ્રહ્મકુંડ) ખાતે વિ હિંદુ પરિષદ/બજરંગ દળ દ્વારા સષ્ઠીપૂર્તિ સમારોહ કાર્યક્રમ બેઠક યોજવામાં આવેલ હતી. જે બેઠકમાં બાબરાના સમસ્ત હિંદુ સંગઠનો/વિ હિંદુ પરિષદ/બજરંગ દળ તથા બાબરાના હિંદુ સમાજના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા તથા અમરેલીથી વિ હિંદુ પરિષદ અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા તથા ડો. પંકજભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને બેઠકમાં સૌ પ્રથમ દીપ પ્રાગટય કરી પ્રાસંગીક ઉદ્બોધન કાર્યક્રમમાં પધારેલાં અધિકારીઓનું ફુલહાર દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું. મહેમાનોનું શાબ્દીક સ્વાગત કર્યા બાદ ઈતેષભાઈ મહેતા ડો. પંકજભાઈ ત્રિવેદી દ્વારા આ વિ હિંદુ પરિષદ સષ્ઠીપૂર્તિ સમારોહ કાર્યક્રમનું મહત્વ સમજાવેલ તથા જણાવેલ કે વિ હિંદુ પરિષદ સંગઠનના ૬૦ વર્ષ પૂર્ણ થયેલ હોય અને હિંદુ સમાજ અને રાષ્ટ્રહિત માટે વાતોની સમજ આપેલ હતી તથા ગજેન્દ્રભાઈ શેખવાએ તેઓના ઉદ્બોધનમાં જણાવેલ આગામી સમયમાં બાબરા શહેર તથા તાલુકાના યુવાનોને સંગઠનમાં જોડી બજરંગ દળ ત્રિશુલ દીક્ષાનું આયોજન કરવાનું હોય સભ્ય નોંધણી ચાલુ કરવામાં આવેલ હતી તથા આ ટૂંકા સમયમાં પધારેલા સમસ્ત હિંદુ સમાજના ભાઈઓ તથા સંગઠનોનો આભાર વ્યકત કરેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્દ્રજીતભાઈ ચૌહાણ બજરંગ દળ અધ્યક્ષ બાબરા તથા હરેશભાઈ ધોળકિયા બજરંગ દલ મંત્રી બાબરાએ ખૂબ જહેમત ઉઠાવેલ હતી.




## આવતીકાલે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે પ્રારંભ થવાનો હોય

# અમરેલીનાં નવનિર્મિત બસપોર્ટને નવોઢા જેવો શણગાર

જિલ્લાની જનતા જેની મહિનાઓથી ચાતક નજરે રાહ જોતી હતી તે બસપોર્ટનાં પ્રારંભની ઘડી આવી પહોંચી

છેલ્લા ૭ વર્ષથી મુસાફર વર્ગ નર્કાગાર જેવા કામચલાઉ બસ સ્ટેન્ડથી ત્રાહીમામ હોય હવે છુટકારો થશે

નવનિર્મિત બસપોર્ટમાં મુસાફરોને એરપોર્ટ જેવી સુવિધા આપવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું

સમગ્ર વહીવટી તંત્ર બસપોર્ટનાં અધુરા રહેલ કાર્યને ઝડપથી પૂર્ણ કરવા ઊંધા માથે



અમરેલી, તા. ૧૮

અમરેલી ખાતે કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ બસપોર્ટનો પ્રારંભ શુક્રવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરવાનાં હોય બસપોર્ટને નવોઢાની જેવો શણગાર કરવામાં આવેલ છે અને મુસાફર વર્ગમાં બસપોર્ટને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અમરેલીમાં સાતેક વર્ષ પહેલા હયાત બસસ્ટેન્ડને જમીનદોસ્ત કરીને જનતાજનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચથી એરપોર્ટ કક્ષાનું બસ પોર્ટ બનાવવાનું શરૂ થયું અને ૩ વર્ષમાં બસપોર્ટનું નિર્માણ કરીને કાર્યરત કરવાની ગણતરી હતી.

પરંતુ વહીવટી તંત્રની અણઆવડત અને બેદરકારીનાં કારણે નવું બસપર્ટો શરૂ કરવામાં ૬ થી ૭ વર્ષનો સમય પસાર થયો અને બગલની જગ્યામાં એસ.ટી. વિભાગે શરૂ કરેલ કામચલાઉ બસસ્ટેન્ડની નર્કાગાર જેવી હાલત વચ્ચે મુસાફરો પરેશાન થઈ રહ્યા હતા અને હવે ગણતરીની કલાકોમાં બસપોર્ટ શરૂ થતાં મુસાફરવર્ગને નર્કાગારનો સામનો કરવામાંથી મુકિત મળશે તેનો આંનદ છવાયો છે.

### વન વિભાગને ખબર નથી કયાં શું ચાલે છે

## લ્યો બોલો : બગસરાનાં રફાળા ગામે સિંહે પાદરમાં આવી ગાયનું મારણ કર્યુ

### સિંહનાં આગમનથી ગામજનોમાં ફફડાટ

બગસરા, તા. ૧૮

બગસરાના રફાળા ગામમાં સિંહ દ્વારા ગામના પાદરમાં ઘૂસી રેઢિયાળ ગાયનું મારણ કરવામાં આવ્યું હતું. જયારે આ બનાવ ગઈ કાલના રાત્રિ દરમિયાન બન્યો હતો. આ બનાવની જાણ સવારમાં લોકોને થતાં લોકોના ટોળે ટોળા આ મારણ જોવા માટે ઉમટી પડયા હતા. ત્યારે એક

અનુસંધાન પાના ૬ ઉપર


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

### જુદા–જુદા ગામેથી પત્તાપ્રેમીઓ પધાર્યા

## બાબરા : વલારડી ગામની તળાવી વિસ્તારમાંથી અર્ધો ડઝન પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૧૮

અમરેલીમાં રહેતા રાજેન્દ્રભાઈ હિરાલાલભાઈ જોષી, બાબરા તાલુકાના વલારડી ગામે રહેતા ભીમજીભાઈ નાગજીભાઈ કાવઠીયા

અનુસંધાન પાના ૬ ઉપર

### ૨૦ વર્ષનાં શૈલેષ વાઘેલા નામનાં યુવકની હત્યા કે આત્મહત્યા

## રાજુલાનાં ચૌત્રા ગામના યુવકનો મૃતદેહ મળી આવતાં પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

### મૃતકની માતાએ યુવકની હત્યા થયાનો કર્યો આક્ષેપ

અમરેલી, તા. ૧૮

રાજુલા તાલુકાના ચૌત્રા ગામેથી એક ૨૦ વર્ષીય યુવકની મળી લાશ મળી આવતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ બનાવમાં મૃતકની માતાએ યુવકની હત્યા થઈ હોવાનો આક્ષેપ કરતાં મૃતકના શબને ફોરેન્સિક પી.એમ.માટે ભાવનગર ખસેડવાની તથા પોલીસ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના ચૌત્રા ગામે રહેતા શૈલેષ વાઘેલા નામના ૨૦ વર્ષીય યુવકનો મૃતદેહ ચૌત્રા ગામના પ્લોટ વિસ્તારમાં ખેતરમાંથી મળી આવતાં આ બનાવ અંગે સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને યુવકની લાશ રાજુલા સરકારી દવાખાને ખસેડાઈ હતી. જયારે મૃતકની માતાએ યુવકની હત્યા થઈ હોવાનો આક્ષેપ કરતાં પોલીસે મૃતકના શબને ફોરેન્સિક પી.એમ.માટે ભાવનગર ખસેડવાની તથા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી. જોકે પોલીસે આ બનાવમાં અપમૃત્યુ અંગેનો કેસ દાખલ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

### વિશાલભાઈ વિક્રમભાઈ બલદાણીયા નામના

## વડિયાનો એક ઈસમ ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો

અમરેલી, તા. ૧૮

વડિયા ગામે કોળીવાડ વિસ્તારમાં રહેતા વિશાલભાઈ વિક્રમભાઈ બદાણીયા નામના આરોપીએ એક ૧૫ વર્ષની સગીર વયની અને અણસમજુ હોય તેમ જાણતા હોવા છતાં ગત તા. ૧૩ ના સવારના ૮ વાગ્યા થી ૯ વાગ્યાના સમય દરમ્યાન બગસરા તાલુકાના એક ગામમાંથી સગીરાના ભોળપણનો લાભ લઈ પોતાની પ્રેમજાળમાં ફસાવી, લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.




## જોઇએ છે

**કોમ્પ્યુટર ઓપરેટર.....................૨**

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

**ઓફિસબોય.................................૧**

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**

**65,600/–**

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૧૮/૦૯/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)